Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી આત્માનંદ પ્રકાશ

પુસ્તક ૪૭ મું. સંવત ૨૦૦૫.

આત્મ સં. ૫૪

અંક ૧ લો. તા. ૧-૯-૪૯ શ્રાવણ.



વાર્ષિક લવાજમ રૂ. ૩-૭-૦ પોસ્ટેજ સહિત.

પ્રકાશક:-

શ્રી જૈન આત્માનંદ સભા,

ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુક્રમણિકા


૧ શ્રી પાર્શ્વનાથ જીન સ્તવન ... ... ( આચાર્યશ્રી વિજયલબ્ધિસૂરીશ્વરજી મ. ) ૧
૨ શ્રી પાર્શ્વનાથ ભગવાનનું સ્તવન ... ... ( મુનિરાજશ્રી જંબૂવિજયજી મહારાજ ) ૨
૩ નૂતન વર્ષનું મંગળમય વિધાન ... ... ( ફતેચંદ ઝવેરભાઇ ) ૩
૪ ( તત્વાવબોધ ) ... ... ... ( આચાર્યશ્રી વિજયકસ્તૂરસૂરિ મહારાજ ) ૧૦
૫ પર્વોનો રાજા–પર્યુષણા મહા પર્વ ... ( મુનિરાજશ્રી ન્યાયવિજયજી ( ત્રિપુટી ) ૧૨
૬ કામ ઘટ, કામ–કુંભ અને કલશ... ( પ્રો. હીરાલાલ રસિકદાસ કાપડીઆ એમ. એ. ) ૧૬
૭ ધર્મ કૌશલ્ય ... ... ... ... ... ... ( મૌક્તિક ) ૧૭
૮ ઇચ્છાયોગ, શાસ્ત્રયોગ અને સામર્થ્યયોગ ... ( ડૉ. ભગવાનદાસ મનઃસુખભાઇ મહેતા ) ૧૯
૯ પરમાત્મા આપણા હૃદયમાં ... ( અ. શ્રીમતી કમળાબ્હેન સુતરીયા એમ. એ. ) ૨૧
૧૦ આવકારદાયક ઇનામી નિબંધનો યોજના... ... ... ... ( સભા ) ૨૨
૧૧ શ્રી પાર્શ્વનાથ પ્રભુ ચરિત્ર માટે અભિપ્રાયો... ... ... ... ... ૨૪–૨૬
૧૦ વર્તમાન સમાચાર ... ... ... ... ... ... ( સભા ) ૨૫


## ઇનામી નિબંધ.

જૈન સિદ્ધાંત અને સંસ્કૃતિના વિધવિધ સાહિત્યના અંગને સ્પર્શતું સરલ ભાષામાં ખ્યાલ આપે તેવું લોકભોગ્ય સાહિત્ય તૈયાર કરી તેનો બહોળો પ્રચાર કરવાના હેતુથી **આ ઇનામી નિબંધની યોજના રાવબહાદુર શેઠ શ્રી જીવતલાલભાઇ પ્રતાપશી તથા સ્વ. શેઠ શ્રી શાંતિદાસ ખેતશીભાઈ ચેરીટી ટ્રસ્ટ ફંડના** નામે તેમની આર્થીક સહાય વડે **શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર** તરફથી શરૂ કરવામાં આવી છે.

આ યોજનાનો પહેલો નિબધ "જૈનધર્મનો અનેકાન્તવાદ" રાખવામાં આવ્યો છે. જૈનધર્મમાં અન્ય દર્શનોનો સમાવેશ કઇ રીતે થાય છે અને જૈનદર્શનની શું વિશિષ્ટતા છે તે દર્શાવતો, સામાન્ય જનતા સમજી શકે તેવી સરલ ભાષામાં મંડનાત્મક શૈલીએ નિબંધ લખી મોકલવા વિદ્વાન જૈન તથા જૈનેતર લેખકો અને વિદ્વાન મુનિરાજોને અમારૂં સપ્રેમ આમંત્રણ છે.

( નિયમો )

( ૧ ) સારા અક્ષરે અર્ધા ફુલ્સકેપ કાગળની એક બાજુ ઉપર શાહીથી ઓછામાં ઓછા એક સો પાનાં ગુજરાતી, અંગ્રેજી, મરાઠી અથવા હિંદી એ ચારમાંથી કોઇ પણ ભાષામાં લખી શકાશે.

( ૨ ) નિયુક્ત કરેલ કમિટી જેનો નિબંધ માન્ય રાખશે તેને રૂા. ૪૦૦) ચારસો રૂપિયા પુરસ્કાર આપવામાં આવશે.

( ૩ ) પૂજ્ય મુનિરાજોનો નિબંધ પસંદ થશે તો તેઓશ્રી જણાવશે તે રીતે રૂા. ૪૦૦) જ્ઞાનખાતામાં વાપરવામાં આવશે.

( ૪ ) જે નિબંધ માન્ય રાખવામાં આવશે તે નિબંધના પ્રકાશન, બીજી ભાષાઓમાં ભાષાંતર કરીને પ્રકાશન આદિના સર્વ હક્ક શ્રી જૈન આત્માનંદ સભાને રહેશે.

( ૫ ) નિબંધ સં. ૨૦૦૬ ના કારતક શુદ ૧૫ પહેલાં નીચેના સરનામે મોકલવો.

**ઠે. શ્રી જૈન આત્માનંદ ભવન**
ભાવનગર
તા. ૨૭–૭–૪૯


**જૈન સસ્તું સાહિત્ય પ્રકાશન કમિટી**
**શ્રી જૈન આત્માનંદ સભા.**
ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

473

નવા માનવંતા પેટ્રન સાહેબ,



શ્રીયુત છોટાલાલ મગનલાલ ખાનદાન.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રીયુત્ છોટાલાલ મગનલાલનો જીવન પરિચય.

ભાઈશ્રી છોટાલાલનો જન્મ શહેર ભાવનગરમાં વીસાશ્રીમાલી જૈન વણિક જ્ઞાતિમાં સં. ૧૯૬૪ ફાગણ સુદી ૧૧ ના રોજ પિતા શાહ મગનલાલ કાલીદાસને ત્યાં માતુશ્રી માકુબાઈની કુક્ષિમાં થયો હતો તેમના નાનાભાઈ વૃજલાલ છે. જૈન કુળમાં જન્મેલ કોઈ પણ વ્યકિતની જેમ તે બંને ભાઈઓમાં ધાર્મિક સંસ્કાર જન્મથી સાંપડયા હતા. બાલવયમાં જોઈતું શિક્ષણ મેળવી બંને બંધુઓ ધંધાર્થે મુંબઈમાં જઈ રૂ બજારમાં પ્રથમ નોકરીની શરૂઆત કરી, અને થોડા વખતમાં તે ધંધામાં નિષ્ણાતપણું પ્રાપ્ત કરી બુદ્ધિબળે શેઠ માણેકલાલ ચુનીલાલ J P. સાથે ભાગીદારીમાં જોડાયા.

પૂર્વના પુણ્યયોગે અને કુશાગ્ર બુદ્ધિવડે સોનું, ચાંદી, શેર અને રૂ વગેરે ધંધામાં આગળ વધતાં લક્ષ્મીપણ સારી સંપાદન કરી. પ્રેમાળ પ્રકૃતિ, આનંદી સ્વભાવ અને ઉદાર હોવાથી મળેલી લક્ષ્મીનું મનુષ્ય જન્મનું સાર્થક કરવા સદ્વ્યય કરવા લાગ્યા. તેમનાં ધર્મપત્ની ચંપા બ્હેન પણ તેમના જેવી ધાર્મિક વૃત્તિવાળા હોવાથી ધર્મ કાર્યોમાં શ્રી છોટાલાલભાઈને સહકાર આપવા લાગ્યા. તેમને સંતતિમાં પ્રથમ પુત્ર પ્રવીણચંદ્ર મેટ્રીકનો અભ્યાસ કરે છે. બીજા પુત્ર અરૂણ પુત્રી પ્રતિભા પણ અભ્યાસ કરે છે. ભાઈ વૃજલાલે મુંબઈ બંધુ સાથે ધંધાની તાલીમ લઈ અત્રે ભાવનગરમાં પણ વેપાર પ્રવૃત્તિ શરૂ કરી છે.

અત્યાર સુધીમાં આત્મકલ્યાણ માટે નીચેની સખાવતો કરી છે, અને હજી પણ યોગ્ય સ્થાને કરવાની અભિલાષા ધરાવે છે.

રૂા. ૨૫૦૦) શ્રીયશોવિજયજી જૈન ગુરૂકુળ મકાન ફંડમાં, રૂા. ૧૦૦૦) શ્રી જૈન મહિલા સમાજને, રૂા. ૩૫૦૧) શ્રી આગમ મંદિર પાલીતાણા સદ્ગત માત પિતાના સ્મરણાર્થે એક દેરી માટે, છાપરીયાલી અને ભાવનગર પાંજરાપોળ, પાલીતાણા શ્રાવિકાશ્રમ, શ્રી મુંબઈ વીસાશ્રીમાલી જૈન દવાખાનામાં દરેકને રૂા. એકએકહજાર ભરી પેટ્રન થયા છે; રૂા. ૫૦૦) શ્રી થાણા સિદ્ધચક્રજી તીર્થ નિમિત્તે અને શ્રી શંખેશ્વરજીતીર્થ ધર્મશાળામાં એક રૂમ માટે પણ એક રકમ આપેલી છે.

આવા વ્યાપાર નિષ્ણાત, ઉદાર પુરૂષ શ્રી છોટાલાલભાઈ આ સભાની કાર્યવાહી જાણી, આનંદ વ્યકત કરી આ સભાનું માનવંતુ પેટ્રનપદ સ્વીકાર્યું છે જે માટે આભાર માનવામાં આવે છે. પરમાત્માની પ્રાર્થના છે કે ભાઈ શ્રી છોટાલાલ દીર્ઘાયુ થઈ આર્થિક, શારીરિક, અને આધ્યાત્મિક સંપત્તિ દિવસાનુદિવસ વિશેષ પ્રાપ્ત કરે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ.

... પ્રકાશકઃ—શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર ...

| | | |
|---|---|---|
| વીર સં. ૨૪૭૫. | શ્રાવણ | પુસ્તક ૪૭ મું. |
| વિક્રમ સં. ૨૦૦૫. | :: તા. ૧ લી સપ્ટેમ્બર ૧૯૪૯ :: | અંક ૧ લો. |

## श्री पार्श्वनाथ जिन स्तवन ॥

( राग–गझल ) ।

सेवेऽहं सज्जनानन्दं जगज्जलमज्जनाद्भीतः ।
वामाया नन्दनं भुजगः इन्द्रपदवीं यतो नीतः ॥ १ ॥

प्रभो ! नान्तस्य लब्धोऽहं गुणानां तावकीनानाम् ।
दयालो ! दुर्गुणानां हा तथैव मामकीनानाम् ॥ २ ॥

कुरु त्वादृग् गुणाधारं निजं दीनसेवकं स्वामिन् !
ददस्व मां महालक्ष्मीं श्रीमोक्षस्थां शिवंगामिन् ! ॥ ३ ॥

कैवल्यप्राप्तितो स्वस्मिन् न दाने मादृशो जन्तोः ।
प्रसन्नो भो भवेच्चेत् त्वं तदा ते नाथ ! नौचित्यम् ॥ ४ ॥

समीहे पङ्कजः सूर्यं यथा त्वामिच्छति लोके ।
प्रकाशायात्मलब्धेर्मे पतितोऽहं चरणयोस्ते ॥ ५ ॥

पू. आचार्यश्री विजयलब्धिसूरीश्वरजी महाराज ।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી પાર્શ્વનાથ ભગવાનનું સ્તવન.

( ચાલ-રઘુપતિ રાઘવ રાજારામ.............. )

કાશી દેશ વણારસી ધામ, જન્મ્યા પ્રભુજી પાર્શ્વકુમાર
પાર્શ્વકુમાર, પાર્શ્વકુમાર, ભજ ભાવે તું પાર્શ્વકુમાર
કાશી દેશ વણારસી...૧

જગઆનંદી જગઆધાર, પોષ વદિ દશમી દિન સાર
કાશી દેશ વણારસી...૨

વામાદેવી કે મલ્હાર, અશ્વસેન કુલના શણગાર
કાશી દેશ વણારસી...૩

મંત્ર સુણાવીને નવકાર, અગ્નિ જલંતો નાગ ઉગાર
કાશી દેશ વણારસી....૪

તાર્યા તેં અપરાધી અપાર, સેવકનો કિમ કરો વિસાર ?
કાશી દેશ વણારસી...૫

પાસ જિણંદા મેરે સ્વામ, મહેર કરી મુજ કરો ઉદ્ધાર
કાશી દેશ વણારસી...૬

જંબૂ વિનતિ કરો સ્વીકાર, આપો શાશ્વત પદ અણાહાર
કાશી દેશ વણારસી...૭

મુનિરાજ શ્રી જંબૂવિજયજી મહારાજ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# नूतन वर्षनुं मंगलमय विधान.

दिनेशवद्ध्यानवरप्रतापैरनंतकालप्रचितं समंतात् ।
यः शोषयत्कर्मविपाकपंकं देवो मुदे वोऽस्तु स वर्धमानः ॥

કર્મગ્રંથ ટીકા—શ્રીમદ્ દેવેંદ્રસૂરિ.

**પ્રકાશની આંતરદષ્ટિ—**

ચરમશાસનાધિપતિ તીર્થંકર શ્રી વર્ધમાન પરમાત્મા કે જેમના પવિત્ર શાસનમાં **આત્માનંદ પ્રકાશ** પત્રની નિર્વિઘ્નપણે પ્રગતિ થઇ રહી છે, તેમને નમસ્કાર કરી, જેમના પુણ્ય નામ સાથે ત્રેપન વર્ષ પહેલાં પ્રસ્તુત સભાનું નામ જોડાયલું છે, તે સ્વ૦ પૂ૦ શ્રી આત્મારામજી-વિજયાનંદસૂરીશ્વરજીને વંદન કરી, **धम्मो मंगलमुक्किट्ठं**-અહિંસા, સંયમ અને તપરૂપ ઉત્કૃષ્ટ મંગલમય ધર્મને પ્રણામ કરી-જે પવિત્ર માસમાં બાલબ્રહ્મચારી શ્રી **નેમિનાથજીની** માંગલિક જન્મતિથિ છે તેમજ વાર્ષિક ક્ષમાપના માટે ચતુર્વિધ સંઘને-આરાધના નિમિત્તે પર્યુષણ પર્વની શરૂઆત થાય છે-તે શ્રાવણ માસના મંગલમય પ્રભાતે સ્વતંત્ર ભારતના પરિવર્તનવાળા અને દુષ્કાળ-સંકટના વિલય પછી મેઘરાજાના કૃપામય વાતાવરણ વચ્ચે આત્માનંદ પ્રકાશ પત્ર ૪૭ મા વર્ષમાં પ્રવેશ કરે છે. પ્રવેશ કરતાંની સાથે પ્રાચીન પ્રણાલિકા અનુસાર સ્વગત પ્રશ્ન પૂછે છે કે-વય વધતાંની સાથે મેં મારું સ્થાન જૈન-સૃષ્ટિમાં યથાસ્થિત જાળવી રાખ્યું છે કે કેમ ? વયજનિત અનુભવની સાથે મારા નામની સાર્થકતા કરી પ્રતિવર્ષ પ્રગતિ કરી છે ? જૈનદષ્ટિએ પાંચ સમવાયોથી થતા કાર્યમાં ઉદ્યમની મુખ્યતા કરી વાચકોની માનસિક પ્રગતિ કરવામાં યથાર્થ ભાગ ભજવ્યો છે ? સંસારચક્રમાં ( Cycle of Existence ) જન્મ અને મૃત્ય સહજ છતાં આત્માના અનાદિ-અનંતપણા તરફ લક્ષ્ય રાખી **दर्शनज्ञानचारित्राणि मोक्षमार्गः**-દર્શનજ્ઞાનચારિત્રરૂપ મુક્તિ-માર્ગની-પ્રસ્થાનત્રયી ( three starting points ) યોગ્ય-આત્માને તૈયાર કરી, સ્વાવ-લંબનપૂર્વક-માનવ વાચકોને પુરુષાર્થપરાયણ કરવા પ્રેરણા કરી છે ? આત્મજાગૃતિને લગતા આ અને આવા પ્રશ્નોથી સ્વયંસ્ફૂર્તિવડે પ્રસ્તુત પત્ર સમાધાન મેળવી લે છે કે-ઉપરોક્ત બાબતોમાંથી જે કાંઇ થોડે ઘણે અંશે મારાથી બની શક્યું છે તેથી સંતોષનું આશ્વાસન લઇ સ્વીકૃત કાર્ય વિશેષ બળથી કરી શકાય અને ગત વર્ષના શુભ કૃત્યોનું તારણ કરી નૂતન વર્ષમાં આત્માને હિતકારક કઇ કઈ પદ્ધતિ વિશેષ અનુકૂળ છે તે પ્રમાણે અમલમાં મૂકવા પ્રયત્ન કરાય એવી ધારણા સાથે પ્રસ્તુત પત્ર મંગલમય આરંભ કરે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## દ્રવ્ય ભાવથી–આત્મા–આનંદ—પ્રકાશ—

આત્માનો દ્રવ્યનિક્ષેપ માટી અને ઘટના દૃષ્ટાંતની માફક હોતો જ નથી; પરંતુ કાર્યકારણની સંકલનાની દૃષ્ટિએ અંતરાત્મસ્વરૂપ એ દ્રવ્યાત્મા છે અને પરમાત્મસ્વરૂપ એ ભાવાત્મા છે; દ્રવ્યથી પૌદ્ગલિક જડ વસ્તુઓથી થતો આત્માનો આનંદ ક્ષણિક હોય છે; પરંતુ ચારિત્ર મોહનીયના ક્ષયથી થયેલો ભાવ–આનંદ ચિરસ્થાયી છે; તેવી જ રીતે વીજળી, રત્ન, સૂર્ય, ચંદ્ર વિગેરેનો દ્રવ્ય પ્રકાશ પણ ક્ષણિક હોય છે જ્યારે જ્ઞાનાવરણીય કર્મના ક્ષયથી થયેલો આત્માનો ભાવ–પ્રકાશ શાશ્વત છે; આ આનંદમય પ્રકાશ પ્રાપ્ત કરવા માટેનો પ્રયાસ જૈનદર્શનના રાજમાર્ગના બંધારણપૂર્વક કરવામાં આવે તો બહુ ઓછા જન્મમાં કર્મનો સદંતર વિનાશ કરી, શાશ્વત આનંદ પ્રાપ્ત કરી શકાય છે; અનેકાંતદૃષ્ટિમય જૈનદર્શનમાં નિમિત્ત અને ઉપાદાન કારણોની ગૌણતા–મુખ્યતા હોય છે; ગોવાલણીના વલોણાની માફક દોરીને ઢીલી અને કઠણપણે ખેંચતાં ખેંચતા જેમ છાશમાંથી માખણ તૈયાર થઈ જાય છે, તેમ આત્મા ઉભય કારણોનું અવલંબન લેતાં લેતાં પુરુષાર્થથી જડ કર્મોથી સ્વતંત્ર થઇ સિદ્ધ બની જાય છે. આત્માની મુક્તિ માટે શાસ્ત્રમાં અસંખ્ય યોગો કહેલાં છે તેમાંથી જે જે બંધબેસતા યોગો આત્મા સાથે જોડવામાં આવે તે તે સાધનોથી આત્મા આધ્યાત્મિક પુષ્ટિ મેળવી, આત્માના આનંદનો પ્રકાશ પ્રકટાવી શકે છે.

## વાતાવરણ—

ભારતવર્ષને આઝાદી–સ્વતંત્રતા પ્રાપ્ત થયાં બે વર્ષ પૂર્ણ થઇ ગયા છે; જૈન સમાજ પણ તેના વિશાળ અંગમાં સમાઈ જાય છે; શત્રુંજય વિગેરે તીર્થો કરવેરાથી મુક્ત થઈ ગયા છે; શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના પ્રમુખ શ્રી કસ્તૂરભાઇ લાલભાઇના શુભ પ્રયાસથી ગિરનાર તીર્થના તમામ હક્કો પણ સ્વાધીન થઇ ગયા છે; શ્રી કેશરીઆજી તીર્થનું કોકડું હજી ગુંચવાયલું છે; તિથિચર્ચાનો મતભેદ ગત વર્ષમાં હતો પરંતુ સદ્ભાગ્યે સમાજને કલેશના કારણરૂપ બન્યો નથી. ગત વર્ષમાં શેઠ કસ્તૂરભાઇ લાલભાઇના પ્રમુખપદે દુષ્કાળ સમિતિએ ગતવર્ષના કટોકટીના પ્રસંગમાં અદ્ભુત કાર્ય કરી બતાવ્યું છે. મનુષ્યો અને પશુઓની સંખ્યાને મરતાં બચાવી છે.

તાજેતરમાં શ્રીયુત સુરચંદભાઇ બદામીજીએ અમદાવાદમાં ડહેલાના ઉપાશ્રયમાં સાધુ મહારાજાઓ અને શ્રાવકો વચ્ચેના ખેદજનક કલેશ અંગેનો લવાદ તરીકેનો દીર્ઘદૃષ્ટિપૂર્ણ ચુકાદો આપી કૉર્ટ મારફત થતો શક્તિ અને દ્રવ્યનો વ્યય અટકાવ્યો છે અને એ રીતે જૈનસંઘનું ગૌરવ વધાર્યું છે. ટેંડુલકર સમિતિ કે જે મંદિરોની અને ટ્રસ્ટોની આંતરિક વ્યવસ્થામાં દરમ્યાનગીરી માગે છે તેણે ચેરીટી કમિશ્નરને સર્વસત્તા સોંપી છે. તે જૈનસમાજ સ્વીકારી શકે તેમ નથી; તે ઉપરાંત દેવદ્રવ્યનો સવાલ, જૈનધર્મી તરીકે જૈનોના અસ્તિત્વનો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લોપ વિગેરે અનેક પ્રશ્નો રાષ્ટ્રીય સરકાર તરફથી ઉપસ્થિત થયા છે; તે માટે સમગ્ર રીતે જૈનસમાજની એકતાની જરૂર છે; જૈનસમાજે સંગઠિત થઈ મતભેદોને તિલાંજલિ આપી એક વ્યાસપીઠ ઉપર એકત્ર થઇ ધાર્મિક અન્યાય વહેલી તકે આંદોલનપૂર્વક કાયદેસર લડતથી દૂર કરાવવાની આવશ્યકતા ઊભી થઇ છે; શ્રી ભારતીય સ્વયંસેવક પરિષદ્ કે જેના જીવન્ત કાર્યની વિશાળતા વધતી જાય છે તેનું છેલ્લું ચોથું અધિવેશન શિરપુરમાં થયું હતું; તેના સંચાલકોના વિશદ પ્રયાસથી જૈન કૉન્ફરન્સ પ્રસ્તુત પરિષદ્નું વિશાળ સ્વરૂપ બની જાય તેવી સંભાવના રહે છે; તે ગમે ત્યારે બને પરંતુ "**जैनं जयति शासनम्**" વાકયની સાર્થકતા કરવા માટે ભિન્ન ભિન્ન વિચારભેદોનું ઐકય કરી આગેવાન વ્યક્તિઓએ સરલતાપૂર્વક એકત્ર થઇ, ધાર્મિક અન્યાયો દૂર કરાવવા માટે તૈયાર થવું પડશે; આ સન્મતિ જૈનસમાજના આગેવાનોમાં શીઘ્ર પ્રકટો તેવી શાસનદેવ પ્રતિ અભ્યર્થના છે.

## લેખદર્શન—

ગત વર્ષમાં ગદ્ય વિભાગના ૫૫ લેખો અને પદ્ય વિભાગના ૩૪ લેખો આવેલ છે. ગદ્ય વિભાગમાં વયસ્થવિર અને જ્ઞાનસ્થવિર આ. મ. શ્રી વિજયલબ્ધિસૂરિજીનો પર્યુષણ પર્વનો પવિત્ર પેગામનો લેખ, આ. મ. શ્રી વિજયકસ્તૂરસૂરિજીના સુખી કેમ થવાય ? વિવેક દૃષ્ટિવાળા બનો તથા વિચારશ્રેણિ વિગેરે સાત ગહન અને તાત્ત્વિક લેખો, મુ. ન્યાયવિજયજી( ત્રિપુટી )નો પર્યુષણા પર્વનો સંદેશવાળો લેખ, આ. મ. શ્રી વિજય-જંબૂસૂરિજીનો પરમધ્યેય નવપદજીનો લેખ, સન્માર્ગ ઇચ્છકના ( સં. પા. મુ. પુણ્યવિજય ) ધ્યાન અને ચિત્તની અવસ્થા વિગેરે ચાર લેખો, મુ. ભુવનવિજયજીનો શાસ્ત્રોમાં આવતાં ભૌગોલિક સ્થળોનો ઐતિહાસિક લેખ, મુ. ધુરંધરવિજયજીનો આંસુના બે બિંદુઓવાળો રસિક લેખ, સાહિત્યરત્ન મુ. શ્રી પુણ્યવિજયજીના વિશ્વવિભૂતિને સ્મરણાંજલિ વિગેરે બે લેખો, મુ. પૂર્ણાનંદવિજયજીના સ્યાદ્વાદમંજરી તથા સુવાકયામૃતોના પાંચ લેખો, આ. શ્રી. વિજયપદ્મસૂરિજીના બત્રીશ બત્રીશીઓના ત્રણ લેખો આવેલા છે; શ્રીયુત મોહનલાલ ચોકસીના યાત્રાના નવાણું દિવસો વિગેરે સાત લેખો, શ્રી મોતીચંદ ગિરધરલાલના ધર્મકૌશલ્યના અઢાર લેખો, રા. અભ્યાસી( સેક્રેટરી શ્રી વિઠ્ઠલદાસ મૂળચંદ )ના સંત-વચન-પવિત્ર જીવનનું રહસ્ય વિગેરે દશ અનુવાદમય લેખો, શ્રી ચીમનલાલ શાહનો અનુવાદમય લક્ષ્મીનો લેખ, રા. મુમુક્ષુનો અંતસમયે ખાસ લક્ષ્યમાં રાખવા યોગ્ય લેખ, ડૉ. ભગવાનદાસ મહેતાના ઇચ્છાયોગ, શાસ્ત્રયોગ અને સામર્થ્યયોગ વિગેરે ત્રણ લેખો, ડૉ. વલ્લભદાસ નેણસીભાઇના શ્રી ચંદ્રાનન તથા શ્રી વજ્રંધર જિન સ્તવનના સ્પષ્ટાર્થવાળા બે લેખો, શ્રી જટુભાઈ મહેતાનો જય જવાહીરનો લેખ, શા. અમરચંદ માવજીના આત્મ-સાધનાના ચાર લેખો, શ્રી ફતેહચંદ ઝવેરભાઈના નૂતનવર્ષનું મંગલમય વિધાન અને શ્રી મ. મહાવીર જયંતીના બે લેખો તથા શ્રી કેદારનાથજી, કાકા કાલેલકર, ચરનદાસજી અને કિશોરલાલ મશરુવાળા વિગેરેના સંક્ષિપ્ત વચનામૃતો આવેલા છે. પદ્ય વિભાગમાં મુ. શ્રી લક્ષ્મીસાગરજીના સિદ્ધગિરિજીનું સ્તવન વિગેરે સાત કાવ્યો, મુ. ધુરંધરવિજયજીના શ્રી પાર્શ્વનાથજી સ્તવન વિગેરે બે કાવ્યો, મુ. દક્ષવિજયજીના સીમંધર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જિન સ્તવન વિગેરે બે કાવ્યો, આ. શ્રી વિજયલબ્ધિસૂરિજીનું સંસ્કૃત શ્રી સુવિધિનાથ સ્તવન, મુ. શ્રી સુશીલવિજયજીના શ્રી મહાવીર જિન સ્તવન વિગેરે બે કાવ્યો, આ. શ્રી. વિજયકસ્તૂરસૂરિજીનું પાર્શ્વ જિન સ્તવન, મુ. હેમેંદ્રસાગરજીના ગૌતમવિલાપ વિગેરે બે કાવ્યો, મુ. શ્રી દેવેંદ્રસાગરજીના મંત્રાધિરાજ અષ્ટક વિગેરે ચાર કાવ્યો, મુ. શ્રી વિનયવિજયજીના શ્રી વિજયાનંદસૂરિજી તથા આ. મ. શ્રી વિજયવલ્લભસૂરિજીના સ્તુતિરૂપ બે કાવ્યો, બાણુ વર્ષની ઉમ્મરના પં. લાલનનું સુવિધિનાથ સ્તવન ભાવાર્થ સાથેનું કાવ્ય, શ્રી ઝ. છ. સુરવાડાવાળાની આ૦ મ૦ શ્રી વિજયવલ્લભસૂરિજીનું સ્તુતિ કાવ્ય, શા. અમરચંદ માવજીના શત્રુંજય તીર્થયાત્રાદર્શન વિગેરે ત્રણ કાવ્યો, રા. ગોવિંદલાલ પરીખનું કાળ-પ્રાબલ્ય કાવ્ય, સાહિત્યરત્ન જુગરાજ રાઠોડનું શ્રી આત્મારામજી જન્મ-જયંતીનું કાવ્ય, રા. વૈરાટીના તુમ સુનો ભારતના લોકો વિગેરે બે કાવ્યો, તથા રા. વેલજીભાઈનું તવંગર હો તો ઐસા હો કાવ્ય-આ તમામ કાવ્યો આવેલાં છે. સાહિત્યરસિક મુ. શ્રી જંબૂવિજયજીના બૌદ્ધ દર્શન સંમત અહિંસાનું સ્વરૂપ તથા દાર્શનિક સાક્ષિપાઠોના મૂલ સ્થાનોરૂપ છ વિદ્વત્તાપૂર્ણ લેખો ગદ્ય વિભાગમાં આવેલા છે; તદુપરાંત વર્તમાન સમાચાર, સમાલોચના, સભા સમાચાર વિગેરે પંદર સંક્ષિપ્ત લેખો સભાના માનદ સેક્રેટરી શ્રી વલ્લભદાસભાઈના છે-આ સર્વ લેખોની પ્રસાદી વાચકો સમક્ષ ગત વર્ષમાં મુકાયલી છે; લેખક મહાશયોનો સપ્રસંગ સભા આભાર માને છે. લેખો સંબંધમાં વિશેષ અતિશયોક્તિ ન કરતાં વાચકોની ઉપાદાન કારણરૂપ આત્મભૂમિકામાં વવાયલાં સંસ્કારબીજોને તે તે લેખોના પરિણામ-પરિપાકનો ન્યાય સુપરત કરવામાં આવે છે.

## સાહિત્ય પ્રકાશન અને ભાવના.

જીવનદરમિયાન અનેક વ્યક્તિઓ, સંસ્થાઓ, સંમેલનો અને નાની મોટી વિભૂતિઓના સંબંધમાં આવી મનુષ્ય પોતાના જીવનનું ઘડતર ઘડયે જાય છે; નિરાશાથી પર થયેલા માનવીઓ જીવનના પ્રત્યેક નાના મોટા પ્રસંગને તેના યથાર્થ સ્વરૂપમાં જોઈ શકે છે; રાત જેમ અંધારી તેમ સૂર્યોદય વધારે મનોહર; શંકા જેમ વધારે ગાઢ તેમ જ્ઞાનનાં તેજ વધારે ઉજ્જવળ; વાદળાં જેમ વધારે કાળાં તેમ ચંદ્ર વધારે તેજસ્વી હોય છે; તેમ સભા પણ તેપન વર્ષના ગાળામાં વિઘ્નો અને પોતાની અપૂર્ણતા વચ્ચે ઘડાતાં ઘડાતાં યથાશક્તિ નમ્રતાપૂર્વક પ્રગતિ કરી રહી છે; સંસ્થાનું આયુષ્ય પત્રના પ્રત્યેક મુખપૃષ્ઠ ઉપર દર્શાવેલા સ્વ. શ્રી વિજયાનંદસૂરિજીના જ્યોતિર્મય કિરણોદ્વારા પ્રકાશ મેળવતું પ્રગતિ કરતું જાય છે; જૈનદર્શનના સિદ્ધાંતનો રચનાત્મક કાર્યક્રમ સભાનું ધ્રુવબિંદુ છે; છતાં ઉચ્ચ સંકલ્પના દીપકવડે સભા પોતાની અપૂર્ણતા નિરખી રહી છે અને એ અપૂર્ણતાઓ જેટલે અંશે પૂર્ણ થાય તે રીતે પ્રતિવર્ષ પ્રયાસ થાય છે અને થશે. નૂતનવર્ષમાં રચનાત્મક ( Constructive ) શૈલીથી સુંદર લેખો આપવાનો મનોરથ રાખેલો છે; દેવગુરુધર્મની શ્રદ્ધાપૂર્વક જ્ઞાન, ક્રિયા ઉભયના રહસ્ય સાથે વ્યવહાર અને નિશ્ચયની ઉભય કોટિઓ આત્માને બંધબેસતી કેવી રીતે થાય તેવા હેતુપુરઃસર નવીન વર્ષમાં સભાએ લેખો આપવા ઇચ્છા રાખેલી છે-આ ભાવનાની સંપૂર્ણતા સાક્ષર લેખકો ઉપર નિર્ભર છે. પ્રસ્તુત પત્ર સાથે સહાનુભૂતિ ધરાવનાર તરીકે પૂ૦ મુનિરાજો અને અન્ય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સાક્ષર લેખકોનો આભાર માનીએ છીએ તેમજ નવીન વર્ષમાં અમારી નિર્મળ ભાવનાને વિશેષ બળ આપી આત્મોન્નતિવાળા અને સમાજોપયોગી લેખો આપવા સાદર નિમંત્રીએ છીએ; ગતવર્ષના લેખોમાં સમજફેરથી સિદ્ધાંત વિરુદ્ધ કાંઇ પણ છપાયું હોય તે માટે સભા તરફથી ' મિથ્યાદુષ્કૃત ' દેવામાં આવે છે.

પ્રસ્તુત સભા તરફથી સં. ૨૦૦૪ ના વર્ષમાં શ્રી વસુદેવ હિંડી ભાષાંતર ભાગ ૧ લો તથા શ્રી શાંતિનાથ ચરિત્ર બે ગ્રંથો તથા સં. ૨૦૦૫ ના વર્ષમાં શ્રી પાર્શ્વનાથ ચરિત્ર ભાષાંતર સચિત્ર પ્રકાશિત કરવામાં આવેલ છે. હાલમાં શ્રી દમયંતી ચરિત્ર ( સચિત્ર ), શ્રી જ્ઞાનપ્રદીપ ભાગ બીજો, આદર્શ જૈન સ્ત્રીરત્નો ભાગ બીજો, કથારત્નકોશ અને શ્રી શ્રેયાંસનાથ ચરિત્ર ભાષાંતર છપાય છે; પાંચ પેટ્રનો ગત વર્ષમાં વધ્યા છે. કુલ એકતાલીશ પેટ્રનો થયા છે; સીરીઝની સંખ્યા કુલ ૨૧ થઈ છે. જૈન સમાજમાં વિદ્વાન અને સાહિત્ય-સંશોધક તરીકે પ્રસિદ્ધિ પામેલા મુ. શ્રી પુણ્યવિજયજીની સભા તરફની અપૂર્વ કૃપા ચાલુ રહી છે. એમના દાદા ગુરુ સ્વ. પ્ર. મ. શ્રી કાંતિવિજયજી તથા ગુરુવર્ય શ્રી ચતુરવિજયજીનો સાહિત્ય સંશોધનનો વારસો એમણે સ્વીકારેલો છે–એ સભા માટેની તેમની ઉપકાર દૃષ્ટિ છે. તત્ત્વજ્ઞાન, ચરિત્ર અને ન્યાયના ગ્રંથોનું એક પછી એક સંશોધન કરી સભાને સુપરત કરે છે; હાલમાં દ્વાદશારનયચક્રસારનો મહાન ગ્રંથ કે જે અઢાર હજાર શ્લોક-પ્રમાણ છે તેનું મૂળ ટીકા સાથે ઐતિહાસિક દૃષ્ટિએ સંશોધન થાય છે; તેમાં સુવર્ણ સાથે સુગંધ મળે તેમ આ. મ શ્રી સિદ્ધિસૂરીશ્વરજીના વિદ્વાન પ્રશિષ્ય મુ. શ્રી જંબૂવિજયજી કે જેઓ અત્યાર સુધી અપ્રસિદ્ધ છતાં વિદ્વદ્રત્ન તરીકે જૈન સમાજમાં પ્રકાશમાં આવ્યા છે તેમની સંપૂર્ણ સહાય પ્રસ્તુત મહાન ગ્રંથ પરત્વે છે; એમનો પણ આભાર માનવાની આ તકે સભા આવશ્યકતા સમજે છે. પ્રસ્તુત ગ્રંથ વેળાસર સભા તરફથી છપાવવાનું શરૂ થશે. સભા તરફથી ગતવર્ષમાં શેઠ ભોગીલાલભાઇ તથા શેઠ મોહનલાલ તારાચંદ જે. પી. માટે સન્માન સમારંભો થયેલા હતા અને શ્રી મોહનલાલભાઈનું નામાભિધાન સભામાં હવે પછી તૈયાર થનારા સાહિત્યમંદિરને આપવાનો નિર્ણય થયો હતો. સ્વ. જ્યોતિર્ધર શ્રી આત્મારામજી મહારાજની આધ્યાત્મિક જ્યોતિનો પ્રકાશ સંચાલકોમાં આવતો રહ્યો છે જેથી ન ધારેલાં કાર્યો સફળ બની શકયાં છે; રા. બ. શેઠ જીવતલાલ પ્રતાપસિંહ તથા સ્વ૦ શેઠ શાંતિદાસ ખેતસી ટ્રસ્ટફંડના ટ્રસ્ટી સાહેબો તરફથી સસ્તા સાહિત્યની ગ્રંથમાળાના પ્રકાશનની યોજના માટે દર વર્ષે દશ હજાર રૂપીઆની પ્રાપ્તિ–હાલ તુરત માટે–બે વર્ષ માટે થઇ છે. શરૂઆતમાં **' જૈનધર્મનો અનેકાંતવાદ '** પુસ્તિકા–ભિન્ન ભિન્ન ચાર ભાષામાં–પ્રકાશિત કરવાની છે. તે માટે ઇનામી નિબંધની જાહેરાત મુંબઇ સમાચાર, જૈન, વીરશાસન અને કલ્યાણ પત્રોમાં આવી ગઇ છે. પૂ. મુનિ મહારાજાઓને પણ વિનંતિ કરવામાં આવી છે; બે વર્ષમાં જુદા જુદા નિબંધોની પુસ્તિકાઓ સરળ ભાષામાં પ્રકાશિત થયા પછી સદરહુ યોજના બીજા વર્ષો માટે લંબાશે; તે માટે શેઠ રમણિકલાલ ભોગીલાલના અધ્યક્ષપણા નીચે કાર્યવાહક સમિતિ પણ નીમાઇ ગઈ છે. આ માટે સભા રા. બ. શેઠ જીવતલાલભાઇને તથા સ્વ. શેઠ શાંતિદાસ ખેતસીના ટ્રસ્ટી સાહેબોનો આભાર માને છે. હવે સભાએ તેમની યોજના મુજબ કાર્ય પાર પાડવાનું રહે છે. સભાના તમામ કાર્યોને અંગે સંચાલકોમાં ભાઈ શ્રી વલ્લભદાસભાઇની મુખ્યતા છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આટલી ઉમ્મરે પણ તેઓ સભાના ધ્રુવબિંદુરૂપ રચનાત્મક કાર્ય કરી રહ્યા છે તે જૈન સમાજના ધન્યવાદને પાત્ર છે; પરંતુ સભાએ સીરીઝો વિગેરેની જે જવાબદારીઓ સ્વીકારેલી છે તેને ઉત્તરોત્તર વૃદ્ધિંગત કરવા માટે સંસ્કાર પેઢીને તૈયાર કરવા નમ્ર સૂચના છે. સભાનો સુવર્ણ મહોત્સવ ઉજવવા માટે કમીટીની નીમણુંક થઇ ગયેલ છે અને તે પ્રબંધ નવા વર્ષમાં વહેલી તકે થાય તે ઇષ્ટ છે; જેથી સભાની કાર્યવાહીને સવિશેષ વેગ મળે તે માટે પ્રસ્તુત કમીટીને નમ્ર સૂચના છે. પ્રસંગોપાત મહાસભાના પ્રમુખ પટ્ટાભી સીતારામૈય્યાના તાજાં વાકયોની યાદ સભાના સંચાલકોને સૂચવવાનું ઉચિત ધારૂં છું " જેમ આજના સૂર્યોદયમાં ગઇ કાલનો પ્રકાશ ભૂલી શકાતો નથી તેમ જૂની પેઢી અને યુવાન પેઢી એકમેકને વિસારી શકશે નહિં. દિક્કાલ એક એવો કૂવો છે જેમાં સદાય ઉત્સાહનાં પાણી છલકતાં રહે છે; નૈતિક જગતમાં આપણે મશાલધારીઓ છીએ; અને આપણા જીવન્ત પરમાણુઓ પ્રકાશનો ઝબકારો મૂકી જાય છે; આપણે અદૃશ્ય થઇએ તે પહેલાં-આપણા પછી યુવાન પેઢીને તૈયાર કરી કાર્ય સુપરત કરીએ. "

## અંતિમ પ્રાર્થના—

વૈરાગ્યશતકમાં અનિત્ય ભાવનાની દૃષ્ટિએ એક રૂપક છે જેમાં " ચંદ્ર અને સૂર્યરૂપ બે બળદો દિવસ અને રાત્રિરૂપ ઘટિકાઓ દ્વારા મનુષ્યોના જીવન-કૂપમાંથી આયુષ્યરૂપ પાણીને બહાર કાઢી કાળરૂપ અરહટ્ટ( રેંટ )ને ચલાવ્યા કરે છે. "—મતલબ કે ત્યાં પાંચ કારણોમાં વ્યવહાર કાળની મુખ્યતા દર્શાવેલી છે. શ્રી ભગવતી સૂત્રમાં શ્રી ગૌતમસ્વામીજીના પ્રશ્નના ઉત્તરમાં શ્રી મહાવીર પરમાત્માએ જીવ અને અજીવના પર્યાયરૂપે-નિશ્ચય નયથી-કાળ દ્રવ્યને કહેલું છે; વ્યવહાર દૃષ્ટિએ તો એક સમયથી પુદ્ગલપરાવર્ત સુધીની કાળ-ગણના છે; પરંતુ નિશ્ચય દૃષ્ટિએ આત્માના પર્યાયો ક્ષણે ક્ષણે પલટાતા ( Evervarying ) જાય છે; અનાદિકાળથી આત્માના પર્યાયો ભિન્ન ભિન્ન શરીરરૂપે અથવા અન્યરૂપે પલટાતા આવ્યા છે; અનંત કાળને આત્મા પચાવી ગયેલ છે પરંતુ આત્માને કાળ ગ્રસી શકયો નથી-શકશે નહિ; દ્રવ્ય દૃષ્ટિએ અનાદિકાળથી એક અને અખંડરૂપે રહેતો આત્મા આખા વિશ્વમાં શાશ્વત જીવન અનુભવે છે; આ વસ્તુસ્થિતિને અનુરૂપ સ્વ. સાક્ષર શ્રી નરસિંહરાવ મૃત્યુને જરા થોભવા માટે અન્યોક્તિ કરતાં કહે છે કે—

" સુખ કોશ હજી ભરીઆ ન પૂરા, હજી ગાન બધાં મુજ છે અધૂરાં;
મુજ અશ્રુ હજી સઘળાં ન ઢળ્યાં, પળવાર જ મોત તું થોભ્ય ભલા. "

આ અન્યોક્તિ પછી સ્મરણસંહિતામાં કહે છે કે—' દીઠું જીવન તત્ત્વ સનાતન-મૃત્યુ મરી ગયું રે લોલ '-ત્યારે તેમાંથી પ્રશ્ન થાય છે કે મૃત્યુ મરી જાય તેનો ઉપાય શું ? શ્રીમદ્ ઉમાસ્વાતિ વાચક તત્ત્વાર્થ ભાષ્યમાં કહે છે કે-કર્મના કલેશથી છૂટવું એ જ મૃત્યુના મારણનો ઉપાય છે.

ખરેખર મનુષ્ય પૂર્વ સંસ્કારોનો વારસો લઇને જન્મે છે. તે જુગજૂનો મુસાફર તથા ઘણા દેશનો મહાન યાત્રી છે. આ રીતે આત્મા અમર હોવા છતાં પાંચ સમવાયોને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આધીન થઇ કર્મોના બંધનથી પરાધીન બનતાં તેને સંસારમાં ભટકવું પડે છે અને વાસ્તવિક અર્થમાં મુક્તિ મેળવી શકતો નથી. નિગોદથી માંડીને માનવ જન્મ પહેલાં ભવિતવ્યતાની મુખ્યતા હતી, પરંતુ મનુષ્ય જન્મથી પુરુષાર્થની મુખ્યતા બની રહે છે; મનુષ્ય જન્મ, પંચેંદ્રિય સંપૂર્ણતા, સદ્ગુરુસંયોગ, શાસ્ત્રશ્રવણ અને જિનધર્મની પ્રાપ્તિ વિગેરે પૂર્વપુણ્યયોગે પ્રાપ્ત થયાં છે; વ્યવહારથી શુદ્ધ દેવગુરુધર્મની શ્રદ્ધા અને નિશ્ચયથી આત્માના વસ્તુસ્વભાવની ઓળખાણ પ્રાપ્ત થતાં આધ્યાત્મિક બીજનાં દર્શન થાય છે અર્થાત્ સમ્યક્ત્વ પ્રાપ્ત થાય છે; પછીથી આત્માનું સાધ્ય કર્મોથી મુક્તિનું જ હોય છે. કર્મોનું પરાધીનપણું ટાળવાનું જ હોય છે; આત્માને ચારિત્રબળમાં તૈયાર થવા માટે પ્રશસ્ત પુરુષાર્થ શરૂ થાય છે; જિનપૂજા, સામાયિક, વ્રતો, જ્ઞાનાભ્યાસ, તપશ્ચર્યા, શીલ, દયા, દાન, વ્યાખ્યાનશ્રવણ વિગેરે યોગોને આચરતાં દર્શન, જ્ઞાન, ચારિત્ર, તપ, વીર્ય અને ધ્યાન શક્તિને ખીલવવાના આચારોમાં પ્રશસ્તપણે પ્રગતિ કરતાં જૈન ધર્મની ઉન્નતિનાં અનેક કાર્યો કરી અશુભ કર્મોની નિર્જરા સાથે પુણ્યાનુબંધી પુણ્ય ઉપાર્જન કરે છે; અનેક જન્મોનાં સંસ્કારો ગાઢ થતાં આત્માનાં સમ્યક્ત્વજ્ઞાન અને ચારિત્રબળો સમૃદ્ધ થતાં જાય છે; કર્મોથી સ્વતંત્ર મુક્ત થવાના પ્રબળ પુરુષાર્થને પરિણામે સત્તાગત શુભવાસનાઓનો પણ ક્ષય થતાં પુણ્ય અને પાપ ઉભય કર્મોનો સંપૂર્ણ ક્ષય થઇ શાશ્વતપણે મુક્તિ થાય છે અને સ્વરૂપઅવસ્થાન શક્તિ ( Power of self subsistence ) હમેશને માટે પ્રાપ્ત કરે છે. આ પરમાત્મસ્વરૂપ મેળવવાની ઉત્તમ કળા પ્રસ્તુત પત્રના વાચકો પ્રાપ્ત કરે, માનવલક્ષી જીવન સાધના સફળ કરે અને પરિણામે આત્માનંદવાળો પ્રકાશ કે જે કર્મરૂપ વાદળોથી ઢંકાઇ ગયો છે તેનો આવિર્ભાવ ( manifestation ) કરે–એ મંગલમય ભાવના સાથે પર્યુષણ પર્વના સારભૂત–રહસ્યરૂપ **खामेमि सव्वजीवे–सव्वे जीवा खमंतु मे** સકળ જીવસૃષ્ટિની ક્ષમાપનાપૂર્વક શ્રીમદ્ અમૃતચંદ્રસૂરિવિરચિત પુરુષાર્થ સિદ્ધયુપાયમાં આવેલો અનેકાંતદષ્ટિના નમસ્કારવાળો મંગલમય સ્તુતિ–શ્લોક સાદર કરી વિરમવામાં આવે છે.—

**परमागमस्य जीवं निषिद्धजात्यंधसिंधुरविधानम् ।**
**सकलनयविलसितानां विरोधमथनं नमाम्यनेकांतं ॥**

" એકાંતવાદી–જન્માંધ પુરુષોની–હાથીના અવયવોને–અખિલ હસ્તિ–તરીકેની માન્યતાને–દૂર કરવાવાળા, સમસ્ત નયોથી વ્યાપ્ત, ભિન્ન ભિન્ન વિચારસરણિના વિરોધોનું મંથન કરવાવાળા જૈન સિદ્ધાંતના ઉત્કૃષ્ટ જીવનભૂત–સ્યાદ્વાદ–અનેકાંતવાદને નમસ્કાર હો.

ॐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

મુંબઇ.
શ્રાવણ વદિ ૬ સોમવાર
ભારત સ્વાતંત્ર્ય–ઉત્સવ–દિન.

**ફતેહચંદ ઝવેરભાઇ.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# તત્વાવબોધ

( લેખક;—આચાર્ય શ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ. )

૧

માનવી સાચું સમજે તો માનવ જીવન એટલે પ્રભુ જીવન છે, પણ વાંચનાર વિચારનાર ભૂલા પડીને ભટકે તો પછી અણુજાણુનું તો કહેવું શું ? જો માનવ જીવન પ્રભુ જીવન ન હોય તો પછી માનવી જ પ્રભુ બની શકે છે એવો નિયમ છે તે ખોટો ઠરે. બધા દર્શનવાળા, તેમાં પણ ખાસ કરીને તો જૈન દર્શનવાળા માને છે કે દેવતા, નારકી, તિર્યંચ પ્રભુ બની શકતા નથી. ફક્ત માનવી જ પ્રભુ બને છે. જ્યારે માનવ જીવનની ઓથમાં પ્રભુ જીવન છે તો પછી પોતાને વિદ્વાન્, જ્ઞાની, બુદ્ધિશાળી માનનાર પ્રભુ જીવનમાં ન જીવતાં તુચ્છ પાશવી જીવનમાં જીવી રહ્યા છે તે જ આશ્ચર્ય ઉત્પન્ન કરે છે. કહેવાતો વિદ્વાન જડાશ્રયી બનીને પોતે પ્રભુ તથા પ્રભાવશાળી બનવું પસંદ કરે છે; પણ તે ભૂલે છે. જડાશ્રય છોડ્યા વગર પ્રભુ જીવનમાં જીવાય નહિ, અને સાચા પ્રભાવશાળી બનાય નહિ. પ્રભુ જીવનમાં જીવનારનો પ્રભાવ અનેક માનવીને પ્રભુ જીવનમાં જીવતાં શીખવે છે અને જે અનેક જીવોને પ્રભુ જીવનમાં જીવતાં શીખવે છે તે જ પ્રભુ જીવનમાં જીવતો હોવાથી સાચો પ્રભાવશાળી કહી શકાય છે. બાકી તો તુચ્છ જીવનમાં જીવનારા જડાસક્ત જીવો પૌદ્ગલિક સુખના સાધન મેળવી આપવામાં નિમિત્તભૂત બનવાથી તેમને પ્રભાવશાળી માનીને પુદ્ગલાનંદી જીવો આદરસત્કાર તથા પ્રશંસા કરે છે, કે જેને મેળવીને પોતાને મહાન પ્રભાવશાળી સમજીને મિથ્યાભિમાનના આવેશમાં બીજાને તુચ્છ સમજીને સ્વોત્કર્ષ તથા પરાપકર્ષના વ્યાધિથી પીડાય છે. તે પ્રભુ જીવનમાં જીવવું તો દૂર રહો, માનવ જીવનમાં પણ તેઓ જીવી જાણુતા નથી, માટે સાચી વાત એમ છે કે જે પ્રભુ જીવનમાં જીવે છે તે જ તાત્ત્વિક દૃષ્ટિથી માનવ જીવનમાં જીવે છે. બાકી તો જીવ માત્ર જડાસક્તિને લઇને માનવ જીવનમાં જીવવાના અધિકારી નથી, છતાં લૌકિક દૃષ્ટિથી માનવજીવી કહેવાય છે.

વર્તમાન કાળમાં સાચું જીવતાં શીખવનાર શાસ્ત્ર છે કે જે સંપૂર્ણપણે પ્રભુ જીવન પ્રગટ કરીને સ્વાનુભવ સિદ્ધ વસ્તુને પ્રતિપાદન કરનારાં વચન છે. તે બુદ્ધિશાળીને ઉપયોગી હોઈ શકે છે. એટલે કે ભાષા ભણેલાઓને નહિ પણ તેમને માથે કોઇ પણ પ્રકારની ફરજ હોતી નથી પણ ભાવના અભ્યાસી જ્ઞાની પુરુષોને માટે જ ઉપયોગી છે. કેવળ ભાષા ભણીને જડાસક્તિમાં મગ્ન રહેનાર બુદ્ધિશાળી કહી શકાય નહિ, પણ જેમના અંદર અનાસક્તિ ભાવ પ્રગટ્યો હોય તે જ બુદ્ધિશાળી જ્ઞાની કહી શકાય છે. અને તેને માટે જ શાસ્ત્રો ઉપયોગી થઈ શકે છે અર્થાત્ એવા જ્ઞાની પુરુષોને જ પ્રભુ જીવનમાં જીવતાં શીખવે છે. બાકી જીવોને તો શાસ્ત્રો ક્ષુદ્ર વાસના પોષવાના ઉપયોગમાં વપરાતાં હોવાથી શસ્ત્ર તરીકે જ કહી શકાય છે કારણ કે ભાષા શાસ્ત્રી–પુદ્ગલાનંદી શાસ્ત્રો-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દ્વારા અજ્ઞાની જનતા પાસેથી પૌદ્ગલિક સુખનાં સાધન મેળવીને પોતાનાજ આત્માનો ઘાત કરે છે. જેથી એવા જીવોને શાસ્ત્ર શસ્ત્ર તરીકેનું કામ સાધી આપે છે. તાત્પર્ય કે– માનવ જીવનમાં જીવનારે પોતાનું જીવન પ્રભુમય બનાવવાની આવશ્યકતા છે, કારણ કે માનવ જીવન પ્રભુ જીવનમાં ફેરવાઇ જાય, પ્રભુ જીવનમાં કેવી રીતે જીવી શકાય છે તે પ્રભુ જીવનમાં જીવી જાણનાર મહાપુરુષોના વચનરૂપ શાસ્ત્રોથી સાચી રીતે જાણી શકાય છે, કારણ કે વીતરાગ પ્રભુનું સ્વરૂપ સાચી રીતે શાસ્ત્રોમાં વર્ણવેલું છે તે પ્રમાણે જીવન જ્યાંસુધી અમુક અંશે પણ ન બને ત્યાંસુધી ઓઘદષ્ટિથી કરવામાં આવતી પ્રવૃત્તિ માત્રને ધર્મ કહેવો કે કેમ તે એક બહુ વિચારવા જેવી વાત છે. પ્રભુજીવનમાં અમુક અંશે પણ જીવ્યા વગર માત્ર પ્રવૃત્તિ, ધર્મ કહી શકાય નહિ.

૨

આપણે અલ્પજ્ઞ રહ્યા એટલે કાંઇ પણ ન જાણી શકીએ. આપણે બનાવી રાખેલી આપણી જીવનવ્યવસ્થા કાંઇપણ કામ આવી શકે નહિ. આપણી જીવનવ્યવસ્થા તો સાચી રીતે સર્વજ્ઞ દેવ જ જાણી શકે છે, કારણ કે આપણે ધારીએ છીએ કાંઇ બીજું અને બને છે કાંઈ બીજું જ. આપણે જ્ઞાન–ચક્ષુ વગરના છીએ. એટલે સર્વજ્ઞ દેવના જ્ઞાનના આધારે વિચરવાનું રહ્યું. જ્ઞાન જ્યાં દોરીને લઇ જાય ત્યાં જવાનું રહ્યું. જો સર્વજ્ઞ દેવના જ્ઞાનનો આધાર છોડી દઈને અલ્પજ્ઞોના મિથ્યાજ્ઞાનને અનુસરવામાં આવે તો અવશ્ય આપણા માટે મોટી અથડામણ ઊભી થાય. અને ઉન્માર્ગે પડી જવાય કે જ્યાં કષાય તથા વિષયરૂપ ચોરટાઓ આપણી સમ્યગ્ જ્ઞાન, દર્શન, જીવન, સુખ તથા આનંદ-સ્વરૂપ સાચી લક્ષ્મી લૂંટી લઈ આપણને કંગાલ કરી નાખે છે અને પછી જડ તથા જડના વિકારો પાસેથી આપણને હમેશના માટે ભીખ માગીને નિર્વાહ કરવો પડે છે. જ્યાંસુધી આપણે જડની પાસે ભીખ માંગીશું ત્યાંસુધી જડની ગુલામીમાંથી છૂટી શકીશું નહિ. જડના ગુલામોને જન્મ, જરા, મરણ, રોગ, શોક આદિ અવશ્ય ભોગવવાં જ પડે છે; કારણ કે જ્યાંસુધી આપણને સ્તુતિ સાંભળી હર્ષ થાય છે અને નિંદા સાંભળી દિલગીરી થાય છે, વંદન, પૂજન, આદરસત્કાર જોઈને ખુશી ઉત્પન્ન થાય છે અને અપમાન, અનાદર તથા તિરસ્કાર જોઇને ઉદ્વેગ થાય છે તેમજ અનુકૂળ રસ, સ્પર્શ, શબ્દ, ગંધથી ચિત્ત પ્રસન્ન થાય છે અને પ્રતિકૂળથી અણગમો થાય છે ત્યાંસુધી આપણે જડના દાસ છીએ. અને જડના દાસ આત્મવિકાસરૂપ સુખને મેળવી શકે નહિ, કારણ કે જડનું દાસપણું તે સાચી પરાધીનતા છે. અને પરાધીન આત્મા કોઇ કાળે પણ સુખ મેળવી શકતો નથી.

૩

સંસારમાં માનવીઓ બે પ્રકારના સંબંધોથી જોડાય છે. એક તો પૂર્વ પરિચય અને બીજો પશ્ચાત્ પરિચય. પૂર્વ પરિચય એટલે જ્યાં જીવ જન્મ લઈને માતા, પિતા, ભાઈ, ભગિની આદિના સંબંધોથી જોડાય છે અર્થાત્ માતા પિતા આદિ પૂર્વ પરિચિત કહેવાય છે. તે સિવાયના બીજા અનેક પ્રકારના સંબંધોથી માનવી જોડાય છે તે બધા પશ્ચાત્ પરિચય કહેવાય છે. જીવ માત્ર સ્વતંત્રપણે અવતરે છે. નવ મહિના ઉદરમાં રાખી જન્મ્યા પછી ઘણા દુઃખો સહીને ઉછેરનાર માતા તથા અનેક કષ્ટ સહીને અને ભૂખ, તરસ, ટાઢ, તડકો વેઠીને ઉછેરવામાં કાળજી તથા મમતાપૂર્વક સહાય કરનાર પિતા આ બન્ને જણાનો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પર્વોનો રાજા—પર્યુષણામહાપર્વ

લે. મુનિરાજશ્રી ન્યાયવિજયજી ( ત્રિપુટી )

પર્યુષણા મહાપર્વને પર્વોમાં રાજા તુલ્ય જણાવ્યું છે. ખરેખર આપણામાં બધા પર્વોમાં મહાપર્વ–પર્વોનો રાજા કોઇ હોય તો તે પર્યુષણા પર્વ છે તે તદ્દન વ્યાજબી જ છે. જૈનો તો પર્યુષણા મહાપર્વની રાહ જૂવે છે, પછી ઊજવે પણ છે પરન્તુ અન્ય ધર્માવલંબીઓ પણ જૈનોનાં પજુસણ કયારે આવશે? તેની રાહ જુવે છે. વાણીયાના પજુસણ ચાલે છે વગેરે ઘણીવાર બોલે છે. એટલે ખાસ કરીને તો ધર્મશ્રદ્ધાળુ જૈનો આ મહાપર્વમાં પૌષધ, ઉપવાસ, વિવિધ તપશ્ચર્યા, આરંભસમારંભનો ત્યાગ, અંગતો–પાખી પાળે છે, પળાવે છે અને વિવિધ ઉત્સવો કરીને આ મહાપર્વને જેવી ઉજ્જવલ રીતે ઊજવે છે તેની છાપ એવી જ પડે છે કે જાણે જૈનોમાં પર્વ પર્યુષણા જ છે. અને જૈનેતરો પણ પજુસણને જ જૈનોનાં મોટાં પર્વ માને છે.

હવે આપણે આ મહાપર્વને રાજાની ઉપમા આપીએ છીએ તે કેટલું સયુક્તિક છે, તે વાંચો—

" **कल्पाख्यानकपञ्चदिव्यनिहितः**
**क्लृप्ताभिषेकोत्सवो ।**
**भव्यैः पर्युषणामहक्षितिपति-**
**र्मिथ्यात्वकोपादिकम् ॥**
**कृष्ट्वा पञ्चकुलं जनेऽतिविषमं**
**भव्यं नवं स्थापयन् ।**
**सम्यक्त्वं शममार्दवार्जव·**
**निरीहत्वं शिवायास्तु वः ॥ "**

**ભાવાર્થ**—જેમ કોઇ રાજાનો ભવ્ય રાજ્યાભિષેક થાય છે અને તે રાજા શત્રુઓને હણી વિજયી બની વિવિધ ઉપાયોથી પ્રજાનું રક્ષણ કરે છે તેમ આ પર્વોમાં મહારાજા શ્રી પર્યુષણાપર્વનો રાજ્યાભિષેક કલ્પસૂત્રના વ્યાખ્યાનરૂપ પંચદિવ્યોવડે કરીને ભવ્ય જીવોએ તેને રાજ્ય ઉપર સ્થાપેલો છે. હવે આ પર્યુષણારૂપી મહારાજા ભવ્યજીવોને હેરાન–પરેશાન કરતા ભયંકર લૂંટારા, શત્રુઓ મિથ્યાત્વ અને ક્રોધાદિ–( ક્રોધ–માન–માયા–લોભ ) ચારને કુલ પાંચે કુલોને દૂર કરી સમ્યક્ત્વ, ક્ષમા, માર્દવ, આર્જવ અને નિર્લોભતારૂપ પાંચ કુલોને સ્થાપન કરી પ્રજા માટે કલ્યાણકારી થાય છે—કલ્યાણરૂપ થાઓ.

ખરેખર આ મહારાજા રાજ્યપદે વિરાજમાન થઇ ભવ્ય જીવોને સમ્યકત્વથી વાસિત કરે છે. તેમનામાં પરસ્પરની ક્ષમાપના, શાંતિ અને સમભાવ દશા પ્રાપ્ત કરાવે છે. ભવ્ય જીવને ક્ષમાશીલ બનાવે છે, જેથી તેની ઇર્ષ્યા–કષાય–દ્વેષાનલ બુઝાઇ જાય છે અને પરમશાંત સ્વભાવી બની સમભાવી બને છે અને એ સમભાવથી જ આ ભવ્ય જીવાત્મા શાશ્વત સુખ અવશ્ય પ્રાપ્ત કરે છે—કરશે જ.

સમ્યકત્વની પ્રાપ્તિ સૌથી પ્રથમ કહી છે, એનાથી આ મુમુક્ષુ જીવમાં **શુદ્ધ શ્રદ્ધા–ક્રિયાભિરુચિ** અને પરમ આત્મ**જ્ઞાનદશા**—જાગશે. શુદ્ધ શ્રદ્ધાપૂર્વકની ક્રિયાભિરુચિ જાગતાં એનાં અનુષ્ઠાનક્રિયા પરમ શુદ્ધ થશે જ. એનાં અસદ્અનુષ્ઠાન જશે. શ્રદ્ધા અને

---

સંસારમાં માનવ જીવનમાં અવતરનાર આત્મા ઉપર હક્ક હોય છે. અને સ્વતંત્રપણે અવતરનાર આત્માને એમના આધીનમાં રહી એમની આજ્ઞા માનવી તે એક તેની ફરજ છે. બાકી તો સંસારમાં બીજા સંબંધોમાં સ્વાર્થ માટે માનવી બીજાના તાબામાં રહીને તેમની આજ્ઞા પોતાની ઇચ્છા હોય તો જ માની શકે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જ્ઞાનપૂર્વકની ક્રિયા આત્માની વિશુદ્ધ દશાને પમાડશે. એટલા જ માટે **વિષયાનુષ્ઠાન, ગરલાનુષ્ઠાન** અને **અનનુષ્ઠાનનો** ત્યાગ કરીને શુદ્ધિ તરફ વળશે જ. આ શુદ્ધિમાં આહાર, ઉપાધિ, પૂજા, સેવા, બહુમાન, વાહવાહની અભિલાષાનો અંશ પણ નહિં જ રહે–આ લોકના સુખની લેશ પણ અભિલાષા નહિં જાગે. હવે આ લોકના સુખની અભિલાષાનો જે જ્ઞાન અને વિવેકપૂર્વક ત્યાગ કરે છે તે મુમુક્ષુ એ જ તેજસ્વી વિશુદ્ધ જ્ઞાનદીપકથી જાગ્રત બની **પરલોકના** સુખની ઇચ્છાનો પણ સહજભાવે ત્યાગ કરશે. એને પરલોકના સુખની લવલેશ ઇચ્છા નહિં રહે. આ લોક અને પરલોકના સુખની ઇચ્છાનો ત્યાગી બનાનાર મુમુક્ષુ **આત્મશોધન** કરી સ્વરૂપાનુભવદશા પ્રાપ્ત કરવા ક્રિયામાં અનુપયોગ **દશાનો ત્યાગ** કરશે જ, અનુષ્ઠાનનો ત્યાગ કરશે જ અને ક્રિયા પ્રતિ આત્મશુદ્ધિ પ્રાપ્ત કરાવનાર શુદ્ધિ અનુષ્ઠાનોમાં ઉપેક્ષા, અનાદર કે અભાવ, અનુપયોગનો ત્યાગ કરવાની વૃત્તિ જાગે જ જાગે. અને આવો જ મુમુક્ષુ ભવ્યાત્મા શ્રદ્ધાથી સુવાસિત બની જ્ઞાનદીપકથી જાગ્રત બની **તદ્હેતુ અનુષ્ઠાનનો** ઉપાસક બનવાનો જ. આમાં આશયની શુદ્ધિ, ક્રિયાની અભિરુચિ અને ઉપયોગની જાગ્રતિ આવવાની. શુભાશયથી પ્રેરિત થઇ; ક્રિયા પ્રતિ પૂર્ણ પ્રેમ, શ્રદ્ધા, આદર અને હૃદયનો પ્રેમ–રુચિ જાગ્રત કરી ઉપયોગપૂર્વક શુદ્ધ ક્રિયા કરવા પ્રેરાશે.

તદ્હેતુ અનુષ્ઠાનમાં ઊંચે આવેલો આત્મા નિજાનંદનો સહજ રીતે ભોક્તા બને છે. એને આત્માની વિભાવ દશા, પ્રમત્ત દશા અને અનુપયોગ દશા સહજ રીતે જાય છે. એનામાં સ્વભાવ દશાની ઉચ્ચ દશાની મસ્તી આવે છે, એનામાં અપ્રમત્ત દશા જાગે છે. અને પરમ ઉપયોગ–હેયોપાદેયના વિવેક સાથે આત્મજ્ઞાન જ્યોતિ પ્રગટે છે. અને પરમ શુદ્ધ ક્રિયા કરે છે. આ ઉચ્ચ દશાનું નામ છે **અમૃતાનુષ્ઠાન.** બીજા શબ્દોમાં કહું તો શ્રીજિનેશ્વર ભગવંતોના ઉપદેશાનુસાર વિશુદ્ધ જીવન બનાવી આત્મશુદ્ધિની ઉન્નત દશા આ અનુષ્ઠાનમાં પ્રાપ્ત થાય છે.

એટલે કે પર્યુષણા મહાપર્વરૂપી રાજાધિરાજની રાજ્યાભિષેકની શુભ ક્રિયા થતાં સમ્યકત્વની પ્રાપ્તિ અને સમભાવદશા પ્રાપ્ત થતાં અનુષ્ઠાનની વિશુદ્ધિ આવવી જોઇએ. આજે આપણે બધાએ આ વસ્તુ ખૂબ સમજી વિચારી પર્યુષણા મહાપર્વાધિરાજની ઉજવણી કરીએ અને આ ઉચ્ચ દશા પ્રાપ્ત કરીએ તો આ પર્વાધિરાજની ઉજવણી કરી સફલ ગણાય.

આ બે ઉત્તમ ગુણો પ્રાપ્ત થતાં માન, માયા અને લોભને કાઢવા પડશે. એને બદલે માર્દવ, નમ્રતા, વિનય, આર્જવ, ઋજુતા, સરલતા, અકપટવૃત્તિ, દંભનો અભાવ, નિર્લોભતા, સંતોષ, મમત્વનો અભાવ–પરિગ્રહ વૃત્તિનો–મૂર્ચ્છાનો અભાવ જાગે.

આપણે પર્યુષણા મહાપર્વરૂપી રાજાધિરાજની સાચા હૃદયથી હૃદયમાં સ્થાપના કરીએ તો આપણા આત્માની અસ્મિતા જાગે એમાં તો આશ્ચર્ય જ નથી. આજે એ અસ્મિતા જગાડવાની જરૂર છે. આ આત્માની અસ્મિતા આપણા જીવનમાં વણાઇ જાય તો માનવતાનો દેવ જાગશે. આ અસ્મિતા આપણામાં સાચું જૈનત્વ જગાડશે. આ અસ્મિતા આપણામાં પ્રચ્છન્ન રહેલી આત્મજ્યોતિ જગાવશે.

એટલે કે પર્યુષણા પર્વાધિરાજ–રાજરાજેંદ્રના રાજ્યાભિષેકમાં કલ્પસૂત્રના પાંચ વ્યાખ્યાનરૂપી પંચ દિવ્યોથી આ રાજ્યાભિષેક અદ્ભુત–અપૂર્વ થશે અને એથી મિથ્યાત્વ–ક્રોધ–માન–માયા અને લોભ જશે. આપણા રાગ અને દ્વેષ ઘટશે અને સમ્યકત્વ, ક્ષમા, માર્દવ, આર્જવ અને સંતોષ પ્રગટશે. બસ, આત્માની વિભૂતિ જાગી અને પરમ મુમુક્ષુ બન્યો એટલે ઉત્તમ ગુણશ્રેણીએ ચઢતાં એને વાર નહિં જ લાગે.

આ ઉત્તમ ભવ્યાત્મા જીવને આચાર્ય મહારાજ પર્યુષણા મહાપર્વાધિરાજ–રાજરાજેંદ્ર પર્યુષણાના શુભ વધામણાં આપે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



" चेतःस्थालं विशालं कलमकलगणः
श्रावकाणां गुणाली ।
सम्यक्त्वं सद्दुकुलत्रितयमनुपमं
नालिकेरः विवेकः ॥
जैनाज्ञामूर्ध्नि दुर्वा मलयजघुसृणे
भावलोकानुरागौ ।
सत्कीर्तिः पुण्यवर्धापनमिति
भवतामंतरारिजयेव " ॥

**ભાવાર્થ**—આ પર્યુષણા પર્વનું પુણ્યરૂપી વર્દ્ધાપન તમારા (આપણા બધાના) અંતરંગ શત્રુઓ ક્રોધ-માન-માયા-લોભ-રાગ-દ્વેષ-કષાય-ઈર્ષા-મમત્વ-અહંતા વગેરે શત્રુઓનો નાશ કરી તમને મહાન્ વિજેતા બનાવનાર થાઓ. અર્થાત્ હે **રાજહંસ**; આત્મારામ ! આ પર્યુષણા પર્વની આરાધના કરીને તું અંતરંગ અરિસમૂહનો નાશ કરી સાચો વિજેતા બની જા. આ વર્ધાપનમાં મોટો શુદ્ધ સુવર્ણ થાળ જોઇએ તો કહે છે કે-વિશુદ્ધ ચિત્તરૂપી મનોહર ભવ્ય થાળ ભર્યો છે. આ થાળમાં શું ભર્યું છે તો કહે છે કે શ્રાવકોના પાંત્રીસ ગુણરૂપી ઉજ્વલ તંદુલ-મૌક્તિક સમાન ઉજ્વલ અખંડ તંદુલ ભર્યા છે. એ વર્દ્ધાપન થાળ ઉપર રેશમી વસ્ત્ર ઢાંકે છે તો અહીં ઉપશમ, ક્ષાયોપશમિક અને ક્ષાયિક સમ્યકત્વરૂપી સુંદર અનૂપ વસ્ત્ર મૂકયાં છે અર્થાત્ સમ્યકત્વ ગુણથી અલંકૃત છે. એ થાળમાં નાળિયેર અને તેના ઉપર દુર્વા મુકાય છે તો અહીં વિવેકરૂપ હેય, જ્ઞેય અને ઉપાદેયનું સમ્યગ્જ્ઞાન મુમુક્ષુને થાય છે માટે વિવેકરૂપ નાળિયેર અને તેના ઉપર શ્રી જિનેશ્વર દેવની આજ્ઞા સ્વીકારરૂપી દુર્વા-ધ્રો-ધરો ધરવામાં આવે છે. વિવેકી મનુષ્ય શ્રદ્ધાળુ બને જ બને. હવે ત્યાં કંકુના છાંટણાં થાય છે ત્યારે અહીં કહે છે કે શુદ્ધ ભાવના હૃદયના પવિત્ર અને ઉદારભાવ, મૈત્રી, પ્રમોદ, કારુણ્ય અને માધ્યસ્થરૂપી શુદ્ધ ભાવનાના અને જનતાના અંગરાગરૂપી મલયાચલ ચંદનનાં અને ઉત્તમ કેસરનાં છાંટણાં કર્યાં છે-કરે છે અને જનતાના અનુરાગરૂપી કેસરનાં મનોહર રંગ-રાગ જેમાં શોભે છે એવા છાંટણાં એમાં શોભે છે એવું આ પર્યુષણા મહાપર્વનું પુણ્યવર્દ્ધાપન આપણા-તમારા અંતરંગ શત્રુઓનો જય કરનાર થાઓ.

**અર્થાત્** પર્યુષણા મહાપર્વનું આરાધન કરનાર મુમુક્ષુ-ભવ્યાત્મા હૃદયને પવિત્ર બનાવે. અંતરંગ શત્રુઓનો ક્ષય કરે, સમ્યકત્વની પ્રાપ્તિ કરે, વિવેક અને શ્રદ્ધાથી સંપન્ન બને, શુદ્ધ ભાવના અને પર્યુષણા મહાપર્વ આરાધવાનો રાગ-પ્રેમ-અભિરુચિ જગાડે અને આથી જ આપણે શુદ્ધ બની સિદ્ધ, બુદ્ધ અને મુકત બની શકીશું.

આપણે પર્યુષણામહાપર્વમાં કલ્પસૂત્રનું શ્રવણ, સાંવત્સરિક પ્રતિક્રમણ, ચૈત્યપરિપાટી, અઠ્ઠમ તપ, પરસ્પર ક્ષમાપના, સ્વામિવાત્સલ્ય, સંઘભક્તિ વગેરે વગેરે ઉત્તમ ધર્મકૃત્યો કરીએ છીએ; ઉત્તમ ધર્મકૃત્યો કરવાં જોઇએ પરન્તુ જેમ ઉપરના બન્ને શ્લોકોમાં કહ્યું છે તેમ અંતરંગ શુદ્ધિને માટે પણ પૂરેપૂરા જાગ્રત થવાની જરૂર છે. પૂજા, પ્રભાવના, વરઘોડા, ભાવના, સ્વામિવાત્સલ્ય, ઘીની બોલી વગેરે વગેરે કરવા તરફ જેમ વધુ ને વધુ લક્ષ્ય આપીએ છીએ તેમ અંતરંગ શુદ્ધિને માટે પણ વધુ ને વધુ જાગ્રત થઇ પૂર્ણ લક્ષ આપવાની જરૂર છે. દ્રવ્ય ક્રિયાએ ભાવને પ્રાપ્ત કરાવનાર છે. બધી દ્રવ્યક્રિયાઓ કરતાં કરતાં અંતરંગ શુદ્ધિની પ્રાપ્તિ પણ ન ભુલાય-તેની ઉપેક્ષા ન થાય તેને માટે સાવધાન રહેવાની જરૂર છે.

આજે કેટલેક ઠેકાણે અનુષ્ઠાનની શુદ્ધિ તરફ પૂરો ઉપયોગ અને વિવેક નથી રખાતો-જેમ આવે તેમ હાંકે રખાય છે. અંતરંગ શુદ્ધિ માટે પ્રમાદ અને ઉપેક્ષા દાખવવામાં આવે છે. વ્યવસ્થા-શિસ્તપાલનને બદલે ગરબડ-ઘોંઘાટ-ધમાલ થતી જોવામાં આવે છે. સ્વામી બંધુઓ પ્રતિ પ્રેમ-ભક્તિ કે વાત્સલ્ય-ધર્મીબંધુત્વ-વિશ્વબંધુત્વ અને સવિ જીવ કરું શાસન-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રસી, એ ભાવદયા મન ઉલ્લસી એકલું વાણીમાં ઉચ્ચારાતું જોવાય છે વાણી અને વર્તનમાં ભેદ છે. ચૈત્ય પરિપાટી, સંવત્સરી પ્રતિક્રમણ કે પરસ્પર ક્ષમાપના જે શાંતિ, સ્થિરતા, ધીરતા અને શ્રદ્ધાપૂર્વક કરવાં જોઈએ તેનો અભાવ જોવાથી કેટલાકનાં મન અસ્તવ્યસ્ત થઈ જાય છે. પછી તેઓ ટીકા કરે છે— વર વિનાની જાન જેવું જણાવે છે. આ બધાનો ખ્યાલ રાખી આપણે સર્વેએ ક્ષતિ–ત્રૂટી કે અપૂર્ણતા અને ભૂલો સુધારવાની જરૂર છે.

આપણે બધા જ આપણી ટીકા કરશું એથી કશું જ નહિં વળે. બુદ્ધિમાન વર્ગે, ઉપદેશક મહાત્માઓએ અને શ્રદ્ધાળુ સમૂહે શાંતિથી વિચારી, વિચારોની આપલે કરી મહાપર્વાધિરાજની શાંતિપૂર્વક આરાધના થાય, વિવેકપૂર્વક આરાધના થાય અને આપણામાં

| | | |
|---|---|---|
| ૧ શ્રદ્ધા | ૨ જ્ઞાન | ૩ વિવેક |
| ૪ શાંતિ | ૫ સમભાવ | ૬ શિસ્તપાલન |
| ૭ સેવાભાવ | ૮ આત્મભોગ | ૯ નિર્મમત્વ |
| ૧૦ ક્ષમા | ૧૧ નમ્રતા | ૧૨ વિનય |
| ૧૩ અંતર્મુખવૃત્તિ | ૧૪ મુમુક્ષુદશા | ૧૫ જિજ્ઞાસા |
| ૧૬ આધ્યાત્મિકભાવના | ૧૭ મૈત્રી | ૧૮ પ્રમોદ |
| ૧૯ કારુણ્ય | ૨૦ મધ્યસ્થ ગુણાનુરાગ | ૨૧ અમૃતાનુષ્ઠાન પ્રીતિ |
| ૨૨ અંતરંગ અરિ- સમૂહના જયની ભાવના | | ૨૩ વિષય અને કષાયનો અભાવ |

વગેરે વગેરે ગુણો પ્રગટે તો આ પર્વાધિરાજનું આગમન–આરાધના સફલ થાય.

## ક્ષમાપના

દરેક જીવોની સાથે પ્રેમથી ક્ષમાપના જરૂર કરશો. કોઈની સાથે વૈરવિરોધ, ઈર્ષ્યા, દ્વેષવૃત્તિનો ત્યાગ કરશો. અને—

**" खामेमि सव्वजीवे सव्वे जीवा खमंतु मे।**
**मित्ति मे सव्वभूएसु, वेरं मज्झं न केणइ "**

બોલી સાચી મૈત્રી ભાવનારૂપી અમૃતથી શુદ્ધ બનજો–પવિત્ર બનજો અને સાચા જૈન બનજો.

## સાધર્મિક વાત્સલ્ય.

મહાપર્વાધિરાજની આરાધના કરતાં અવશ્ય સાધર્મિક વાત્સલ્ય કરશો. તમારા ધર્મબન્ધુઓ પ્રતિ ભક્તિ–શ્રદ્ધા–વાત્સલ્ય અને પ્રેમ કરતાં શીખજો. દેવગિરિના જગસિંહ શેઠે તે નગરમાં ૩૬૦ જૈનોને કરોડપતિ બનાવ્યા હતા અને ૩૬૦ સ્વામિવાત્સલ્ય કરાવતા હતા. તમારા સ્વામી બન્ધુને તમારા જેવો સુખી, શ્રદ્ધાળુ–ધર્મમાં સ્થિર અને જ્ઞાનવાળો બનાવી તે સાચો જૈન બને, વીતરાગ ભગવંતનો પરમ ઉપાસક બને તેવો પ્રયત્ન કરશો.

## અષ્ટમ તપ.

ત્રણ શલ્યને દૂર કરી ત્રણ રત્નને પ્રાપ્ત કરવા અષ્ટમ તપ જરૂર કરશો. ક્ષમાપૂર્વકનું આ તપ–કર્મ નિર્જરાનું અમોઘ સાધન છે. અઠ્ઠમ તપ કરતાં શીખજો. રોજનું કંઈક ને કંઈક તપ જરૂર કરતાં શીખજો. તપથી શાંતિ–શુદ્ધિ–પવિત્રતા મેળવજો અને કર્મ–મેલને તપાવી સુવર્ણ સમ ઉજ્જવલ બનજો, આત્માને નિર્મલ બનાવજો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# કામઘટ, કામકુંભ અને કામકલશ.

લે. પ્રૉ. **હીરાલાલ રસિકદાસ કાપડિયા**, એમ. એ.

જે ચીજની ઇચ્છા થાય તે ચીજ આપનારો ઘડો 'કામઘટ' કહેવાય છે. આ એક જાતનો દિવ્ય કુંભ કે કળશ છે. આથી તો આને 'કામકુંભ' પણ કહે છે. કામકુંભ જેના ઘરમાં હોય-જેને મળ્યો હોય તેની દરિદ્રતા આપોઆપ દૂર થઇ જાય. ઉપાધ્યાય **યશોવિજય** ગણિએ **ધર્મનાથ-જિન-સ્તવનની** બીજી કડીની નિમ્ન લિખિત પંક્તિમાં આ વાત કહી છે:—

"કામકુંભ ઘર આવે દારિદ્ર કિમ લહે રે કે"

ઉપર્યુક્ત સ્તવન **ગૂર્જર સાહિત્ય સંગ્રહ** (ભા. ૧, પૃ. ૨૭-૮)માં છપાયું છે. આ સંગ્રહના પૃ. ૫૩-૪માં છપાયેલા **મહાવીર-જિન-સ્તવનની** પહેલી કડીની છેલ્લી બે લીટીમાં કામઘટ અને કામધેનુનો અને સાથે સાથે કલ્પતરુનો અને અમૃતરસનો ઉલ્લેખ છે. પ્રસ્તુત લીટીઓ નીચે મુજબ છે:—

"કલ્પતરુ કામઘટ કામધેનુ મિલ્યો,
આંગણે અમિયરસ મેહ વૂઠો."

ઉપાધ્યાયના **ઋષભદેવ-જિન-સ્તવન** (પૃ. ૧૪૫)ની બીજી કડીની નિમ્નલિખિત આ પંક્તિમાં 'કામઘટ' નો ઉલ્લેખ છે:—

"કલ્પશાખી ફળ્યો કામઘટ મુજ મળ્યો."

કામઘટને પાઇય (પ્રાકૃત) ભાષામાં 'કામઘડ' કહે છે. રત્નશેખરસૂરિએ **અર્થદીપકા** વિ. સં. ૧૪૯૬માં રચી છે. એમાં "વંદિત્તુ સૂત્ર"ની ૧૪મી ગાથાના વિવરણમાં વસુદત્તની કથા પાઇયમાં આપી છે. એમાં ૧૯૨મા પદ્યમાં 'કામઘડ'નો ઉલ્લેખ છે. પ્રસ્તુત પદ્ય નીચે મુજબ છે:—

"को सुत्तकए हारं हारइ कीलिअकए विहारं य।
चंदणमिंधणकज्जे ठिक्करिअकए य कामघडं?"॥

આમ અહીં ઠીંકરી માટે કામઘટનો ઉપયોગ થવાની વાત છે, એ ઉપરથી કામઘટ, માટીનો હોવો જોઇએ એમ લાગે છે.

**મરુત્કુંભ**—રત્નમંડન ગણિએ **સુકૃતસાગર** નામનું કાવ્ય રચ્યું છે, એના ત્રીજા તરંગના ૧૦૪મા પદ્યમાં અનેક દુષ્પ્રાપ્ય વસ્તુઓ ગણાવતાં જે 'મરુત્કુંભ'નો ઉલ્લેખ કર્યો છે તે જ કામકુંભ છે એમ લાગે છે.

સહસ્રાવધાની **મુનિસુન્દરસૂરિએ** સંસ્કૃત-પ્રાકૃતમાં વિ. સં. ૧૪૭૬ પહેલાં રચેલા **ઉપદેશરત્નાકરના** અપર તટના પ્રથમ અંશના નિમ્નલિખિત ૨૨મા પદ્યમાં 'કલશ'નો અર્થાત્ કામકલશનો ઉલ્લેખ કર્યો છે:—

"द्रुमैः सुराणां मणिभिश्च किं नृणां
पर्याप्तमाप्तैः कलशैः सधेनुभिः।
चिन्त्या अचिन्त्या अपि सम्पदोऽखिला
ददाति जैनेश्वरधर्म एव तत् ॥ २२ ॥"

કામઘટ અને એના પર્યાયો માટે અહીં મેં જે ઉલ્લેખો આપ્યા છે એથી પ્રાચીન ઉલ્લેખો હોવા તો જોઇએ, પણ એની તપાસ કરવી અત્યારે બને તેમ નહિ હોવાથી એ કાર્યને ભવિષ્યમાં પૂર્ણ કરવાની અભિલાષા સેવતો અને એ દરમ્યાન વિશેષજ્ઞો તરફથી આ દિશામાં યોગ્ય પ્રકાશની આશા રાખતો હું વિરમું છું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ધર્મ-કૌશલ્ય.

(૬૯)

## Great men-મોટા માણસો.

**જે મનુષ્યો પોતાની આબરૂ અને લક્ષ્મીને શિખરે પહોંચ્યા હોય તે કોઇ પણ યુગના મોટામાં મોટા માણસો નથી, પણ જે માણસો પોતાની જાતને સ્વચિત્તના વહાલપણાને બદલે બીજાને ઉત્તેજન આપે છે અને તેમાં પોતાનાં પ્રેમને પાઠવે છે. અને તે ખરેખરા મોટા છે.**

મનુષ્ય બે પ્રકારના હોય છે: એક તો જેઓ પોતાની જાતનું જતન કરે છે તેઓ અને બીજા અન્યને ઉત્તેજન આપનાર હોય છે. આવા પ્રકારના માણસો ખરેખરા મોટા છે અને **મોટાઇના નામને** યોગ્ય છે. આપણે **મોટા નામ કાઢનારને મોટા માનવા લલચાઇ જઈએ છીએ** અથવા ઘણા પૈસા જેની પાસે હોય તેને મોટા માનવા લલચાઇ જઇએ છીએ. પણ મોટાઇ પૈસામાં નથી, પણ જે માણસો પોતાની જાતને માટે વિચાર કરવા કરતાં પરને સુખ કેમ થાય તેનો જ મુખ્યત્વે વિચાર કરે અને બીજાની સુખસગવડ જાળવી રાખે તે **સાચા મોટા માણસ** છે, તેમની નામના ભલે ન થાય, પણ તે સાચા મોટા માણસ છે અને તેના સાનિધ્યમાં રહેવું તેમાં આત્મસંતોષ છે, તેઓને જાળવવા, બીજા માટે વિચાર કરવો તેમાં જ મોટી વાર્તા છે, તે આપણું કર્તવ્ય છે અને તેમના જીવનને બહલાવવું એ આપણું કર્તવ્ય છે. તેઓની સેવના કરવી એ લહાવો સમજવો. આવા માણસો કોણ છે? જેઓ પોતાના મનના વિચાર બદલે, બીજાનાં જ વિચાર કરે અને બીજાને જ ઉત્તેજિત દશામાં રાખે.

આવા માણસોને કેમ શોધવા? એ મુખ્ય સવાલ છે, પણ તેવાને **શોધી કાઢવા મુશ્કેલ નથી.** આપણને ખંત અને ચીવટ હોય તો તેવા માણસો જરૂર મળે અને આપણને પ્રસંગ પ્રાપ્ત થાય તો તેની સાચી સાનિધ્યમાં રહેવું તેમાં આપણું કામ થઈ જાય. અને શોધખોળ કરવામાં તો આપણી દાનત સાફ જોઇએ. એટલે વાત એમ છે કે શોધખોળ કરી તેવા માણસોને શોધી કાઢવા અને તે જ **ખરા લાયક મોટા માણસ છે** એમ સમજવું. પ્રથમ તો આવા માણસો મળવા મુશ્કેલ લાગશે પણ તેવા માણસો જરૂર મળી આવશે. તેમને શોધી કાઢવામાં બહાદુરી છે પણ એમને શોધવા તો જરૂર પડે. કુશળ માણસ ધર્મ દષ્ટિએ આવા ખરા મોટા માણસોને શોધવા પ્રયત્ન કરે, એમને શોધવામાં મહત્તા છે, એમને ઓળખવા એમાં જીવનસાફલ્ય અને એમની સાનિધ્યમાં જીવન પસાર કરવું એ ગુઝ છે; માટે બનતા સુધી આવા ત્યાગીને શોધવા અને એમની નિશ્રામાં જીવન કાઢવું અને જિંદગીનો લહાવો લેવો એ બચ્ચાંનાં ખેલ નથી એટલું યાદ રાખવું અને જીવનનો લહાવો લેવો. **મનખા દેહને એળે જવા દેવો નહિ.** નહિ તો આ ભવ પણ એક ફેરા સમાન થઇ જાય.

---

The Greatest **men** of any age are not those who **have reached the pinnacle of fame or fortune,** but those whose **hearts were emptied of self-love to** become of comfort and encouragemen for others. **—Selacted ( 14-4-1947 )**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



( ७० )

## ઇંદ્રિયવૃત્તિ-organs.

**ઇંદ્રિયોની વૃત્તિનો સ્વભાવ** જ **એવો છે કે,** તે કદિ **સંતોષ પામે નહિ.** જેથી માણસ નિત્ય દુઃખી અને **અસંતોષી** રહે છે.

**ઇંદ્રિયો કદી તૃપ્ત થતી નથી.** આજે ધરાઇને આજે ઊઠ્યો હોય તો પણ કાલે સવારે તેના પેટમાં ગલુડિયાં રમતાં જણાય છે. તે જ પ્રમાણે દશ ઘડિયાળો લીધેલી હોય તો અગીઆરમી લેતાં આંચકો આવતો નથી, અને તે જ પ્રમાણે પૌદ્ગલિક સર્વ બાબતોનું સમજવું. **આંખનું** જોવાનું કાર્ય, **કાનનું** સાંભળવાનું કાર્ય કદી પણ પૂરું થતું નથી, અને નાક તો સુંઘ્યા જ કરે છે. તે જ પ્રમાણે શરીરના **સર્વ ભોગો** માટે **સમજવું.** આજે **ઇંદ્રિયો ધરાઇને બેઠી છે એમ** તેટલા માટે સમજવાનું નથી, એ તો સર્વદા **અસંતોષી રહ્યા કરે** છે અને ભૂખી થઇ જાય છે. એને કોઇ પણ કાર્ય પરિપૂર્ણ લાગતું નથી. અને તે ઇંદ્રિયો તો પોતાનો બદલો અન્નમાં, શાકમાં, શુશ્રૂષામાં અને પોષણમાં વધારે ને વધારે લે છે. એટલે એ ઇંદ્રિયો આપણામાં પહેલા અસંતોષનું ઘર બને છે. આપણને આજે **કદાચ પૌદ્ગલિક ચીજથી** આનંદ થાય તે વધારે વખત ટકતો નથી. 'હાશ' કોઇ દિવસ થતી નથી અને ઇંદ્રિયભોગને વધારે વધારે પ્રમાણમાં મેળવવા પ્રાણી વલખાં માર્યા કરે છે. એને મનુષ્યભવનું દુઃખ કહો કે ગમે તે કહો, પણ તે સ્વીકારીને જ ચાલવું પડે છે અને એ રીતે આપણો સંસાર વધ્યા કરે છે. ઇંદ્રિયો આપવાથી તૃપ્ત થતી નથી, પણ દમવાથી તૃપ્ત થાય છે. નહિ તો આપણા ચાલુ અસંતોષનો આરો આવતો નથી. એ સત્ય આપણે સમજી લેવાની તેટલા માટે જરૂર છે. પોષણ દમનથી થાય છે એ નવો પણ લાભકારી સિદ્ધાંત છે તે પ્રથમ સમજવું જોઇએ.

ઇંદ્રિય અજબ વસ્તુ છે એ તો સમજાય તેવી વાત છે. એનાં દુઃખનું કારણ આપણામાં ચાલુ રહે તો અસંતોષ અને પરિણામે થતી દુઃખી અવસ્થા પર આધાર રાખે છે, અને તે છે જ એમ ધારીને આપણે આ લેખની શરૂઆત કરી છે, તો થાય તેટલું તેનું દમન કરો, કારણ કે ઇંદ્રિયપોષણ નકામું છે એમ અનુભવીઓ કહે છે અને આપણે તેનો સ્વીકાર કરવો પડે તેમ છે. જેઓ ઇંદ્રિયની આ અસ્વસ્થ અવસ્થા સમજતા ન હોય તે ગમે તેમ વર્તે, પણ તમારા હૃદયમાં તો ખરો ધર્મ વસ્યો છે, એટલે તમે ઇંદ્રિયોને દમશો એવી અમારી ખાતરી છે. તમે એને પંપાળ્યા કરશો ત્યાં સુધી તમારા **અસંતોષ** અને **દુઃખી અવસ્થાનો** છેડો નહિ જ આવે એ આર્ય સત્ય છે અને તેના સ્વીકારમાં નિજાનંદ છે. તમે તમારી દિશા તેટલા માટે રસ્તો બદલી નાખો અને ઇંદ્રિયોના પોષણને છોડી દો, એમાં જ તમારો સાચો જયજયકાર છે અને ગૌરવ છે. તમે ઇંદ્રિયને પોષો નહિ, પણ દમો એટલે તમારી અભીષ્ટ મનોવાંછના ફળશે, એમાં અમને મુદ્દલે શક નથી અને તમારા અસંતોષ અને દુઃખી અવસ્થાનું અમે જે નિદાન કર્યું છે તે અનુભવને પરિણામે જ થયેલ છે. એટલે તમને ઇંદ્રિયદમનમાં ખૂબ મજા આવશે તે વાતને તમે વિચારો એટલી પ્રાર્થના છે અને તે અસ્થાને નહિ થાય તેવી અમારી ખાતરી છે. **મૌક્તિક**

It is a function of organs that it is never satisfied. People always remain unsatisfied and painful by organ(ઇંદ્રિય)s.

અનુભવી વાક્ય. મહાસાગરનાં મોતી (વર્ષ ૫, અંક ૯) કલ્યાણ માસિક, પૃ. ૭૧૫.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ઇચ્છાયોગ, શાસ્ત્રયોગ ને સામર્થ્યયોગ

[ લેખક—ડૉ. ભગવાનદાસ મનઃસુખભાઇ મહેતા, એમ. બી.બી. એસ. ]

( ગતાંક પૃષ્ઠ ૨૬૧ થી શરૂ )

પરંતુ ઉપર કહેલા કારણોને લીધે ઊપજતો પ્રમાદનો× અંશ પણ જ્યાં લગી હોય ત્યાં લગી તે ' પ્રમાદી '–પ્રમત્ત જ કહેવાય છે. અને જેટલા જેટલા અંશે તેનો પ્રમાદ દોષ દૂર થતો જાય છે, તેટલા તેટલા અંશે તેની આત્મસ્થિતિ–આત્મદશા વધતી જાય છે, તેનો ઇચ્છાયોગ બળવત્તર બનતો જાય છે. આમ પ્રમાદની ઉત્તરોત્તર ન્યૂનતા (ઓછાશ) પ્રમાણે તે **ઇચ્છાયોગી સમ્યગ્દૃષ્ટિ આત્મજ્ઞના** ત્રણ વિભાગ પડે છેઃ ( ૧ ) અવિરતિ સમ્યગ્દૃષ્ટિ ( ૨ ) દેશવિરતિ સમ્યગ્દૃષ્ટિ ( ભાવ શ્રાવક) ( ૩ ) સર્વવિરતિ સમ્યગ્દૃષ્ટિ ( ભાવ સાધુ ).

" શ્રદ્ધા જ્ઞાન લહ્યા છે તો પણ જો નવિ જાય પમાયો રે;
વંધ્ય તરુ ઉપમ તે પામે, સંયમ ઠાણ જો ના'યો રે
...ગાયો ગાયો રે, ભલે વીર જગતગુરુ ગાયો. ૧

**" पमायं कम्ममाहंसु, अप्पमायं तहावरं ।
तप्भावादेसओ वावि बालं पंडियमेव वा ॥ "**
**—શ્રી સૂત્રકૃતાંગ**

" પ્રમાદને તીર્થંકરદેવ કર્મ કહે છે, અને અપ્રમાદને તેથી બીજું એટલે અકર્મરૂપ એવું આત્મસ્વરૂપ કહે છે, તેવા ભેદના પ્રકારથી અજ્ઞાની અને જ્ઞાનીનું સ્વરૂપ છે. " **–શ્રીમદ્ રાજચંદ્ર**

આમ ઇચ્છાયોગના ચારે લક્ષણ કહ્યા, તે લક્ષણોનો પરસ્પર સંબંધ છે. (૧) પ્રથમ તો ધર્મની **ઇચ્છા** ઊપજે, (૨) એટલે પછી તેનું સ્વરૂપ જાણવા માટે શ્રી સદ્ગુરુ મુખે **શ્રવણ** થાય, (૩) સમ્યક્ અર્થ ગ્રહણરૂપ શ્રવણ થયા પછી **જ્ઞાન** થાય, (૪) જ્ઞાન થયા છતાં પણ હજુ પ્રમાદને લીધે ચારિત્રમાં વિકલતા હોય.

અને આમ આ ઇચ્છાયોગી પુરુષ-(૧) સાચો ધર્મ ઇચ્છક, ખરેખરો મુમુક્ષુ, આત્માર્થી હોય, (૨) શાસ્ત્રજ્ઞાતા–શ્રુતજ્ઞ હોય, (૩) સમ્યગ્દૃષ્ટિ આત્મજ્ઞાની હોય, (૪) છતાં હજુ પ્રમાદવંત–પ્રમત્ત હોય.

વળી અત્રે શબ્દની ખૂબીથી ગૂંથણી કરી શાસ્ત્રકાર મહર્ષિએ ' ઇચ્છાયોગ ' માં કર્મયોગ, ભક્તિયોગ ને જ્ઞાનયોગના અંશોનો અત્યંત કુશળતાથી સમાવેશ કરી દીધો છે. તે આ પ્રકારે–(૧) કર્તુમ્–કરવા માટે એ શબ્દથી કર્મયોગનું ગ્રહણ છે, (૨) ' ઇચ્છા ' શબ્દથી ભક્તિયોગનું સૂચન છે, (૩) અને ' જ્ઞાની ' શબ્દથી જ્ઞાનયોગનો નિર્દેશ છે.

તે ઉપરાંત એ પણ સમજવાનું છે કે–બહુકાલવ્યાપી એવું મોક્ષસાધન જેવું પ્રધાન કાર્ય માથે લીધું હોય, તેમાં પ્રમાદવંત છતાં, જો તે થોડું પણ કર્મ* સાંગોપાંગપણે–અવિકલપણે–પરિશુદ્ધપણે કરતો હોય,

×" न प्रमादादनर्थोऽन्यो ज्ञानिनो स्वस्वरूपतः ।
ततो मोहस्ततोऽहंधीस्ततो बंधस्ततो व्यथा ॥ "
**—શ્રી શંકરાચાર્યકૃત વિવેકચૂડામણિ**

* " साङ्गमप्येककं कर्म प्रतिपन्ने प्रमादिनः ।
न त्विच्छायोगत इति श्रवणादत्र मज्जति ॥ "
**શ્રી યશોવિજયજી.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તો તેનો પણ આ ઇચ્છાયોગમાં સમાવેશ થાય છે. તેમજ અત્રે ઇચ્છાનું પ્રધાનપણું છે, એટલે એ ઉપરથી ઉપલક્ષણથી એ પણ સમજવાનું છે કે-થોડું પણ **શુદ્ધ** ધર્મકર્ત્તવ્ય કરવાની જો સાચી નિર્દંભ ઇચ્છા પણ હોય, તો તેનો પણ **વ્યવહારથી**× અત્રે ઇચ્છાયોગમાં ઉપચારથી અંતર્ભાવ થાય છે.

**શાસ્ત્રયોગ**નું સ્વરૂપ કથવાની ઇચ્છાથી કહે છે:-

**शास्त्रयोगस्त्विह ज्ञेयः यथाशक्त्यप्रमादिनः ।**
**श्राद्धस्य तीव्रबोधेन वचसाविकलस्तथा ॥**

બીજો શ્રાદ્ધ અપ્રમાદીને, શકિત તણે અનુસાર;
તીવ્ર બોધ યુત શ્રુતથકી, વળી તે અવિકલ ધાર

**અર્થ:**—અને શાસ્ત્રયોગ તો અહીં યથાશકિત અપ્રમાદી એવા શ્રાદ્ધને-શ્રદ્ધાવંતને જાણવો; અને તે તીવ્ર બોધવાળા આગમ-વચનવડે કરીને તથા કાલ આદિની અવિકલતાવડે કરીને અવિકલ-અખંડ એવો હોય છે.

## વિવેચન.

અહીં યોગશાસ્ત્રની પરિભાષામાં બીજા 'શાસ્ત્રયોગ'નું સ્વરૂપલક્ષણ સ્પષ્ટપણે શાસ્ત્રયોગ કહ્યું છે. શાસ્ત્રપ્રધાન યોગ તે શાસ્ત્રયોગ. શાસ્ત્રનું જયાં પ્રધાનપણું છે તે શાસ્ત્રયોગ કહેવાય છે. આ શાસ્ત્રયોગમાં આગમ જ્ઞાનનું-શ્રુતબોધનું એટલું બધું તીવ્રપણું-તીક્ષ્ણપણું હોય છે, એટલું બધું પટુત્વ-નિપુણપણું-કુશલપણું હોય છે, કે તે શાસ્ત્રજ્ઞાનવડે કરીને એ અવિકલ-અખંડ હોય છે. અને તેવા શાસ્ત્રપટુપણાને લીધે સૂક્ષ્મમાં સૂક્ષ્મ અતિચાર દોષનું પણ અહીં જાણપણું હોય છે, તથા સૂક્ષ્મ ઉપયોગપૂર્વક-આત્મજાગૃતિપૂર્વક તે દોષ દૂર કરવામાં આવે છે. એટલે જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર ને વીર્યાચાર એ પંચ આચારના કાલ, વિનય વગેરે સૂક્ષ્મ પ્રકારોનું પણ યથાવત્ બરાબર પાલન કરવામાં આવે છે. એથી કરીને પણ આ શાસ્ત્રયોગ અવિકલ-અખંડ હોય છે, ખોડખાંપણ વિનાનો, નિરતિચાર હોય છે.

આવો આ શાસ્ત્રયોગ કોને હોય છે? કેવા પાત્રને હોય છે? શ્રાદ્ધ-શ્રદ્ધાવંત એવા યથાશકિત-અપ્રમાદીને તે હોય છે. આમ શાસ્ત્રયોગી પુરુષ (૧) તીવ્ર શાસ્ત્રબોધવાળો, (૨) શ્રાદ્ધ-શ્રદ્ધાળુ, (૩) યથાશકિત અપ્રમાદી હોય તે આ પ્રકારે-

—( અપૂર્ણ )

× " तत्पञ्चमगुणस्थानादारभ्यैव तदिच्छति ।
निश्चयो व्यवहारस्तु पूर्वमप्युपचारतः ॥ "
**શ્રી અધ્યાત્મસાર.** ઇત્યાદિ

**वृत्तिः**—शास्त्रयोगस्तु-શાસ્ત્રયોગ તો, શાસ્ત્રપ્રધાન યોગ તે શાસ્ત્રયોગ, એટલે પ્રક્રમથી ( ચાલુ વિષયમાં ) ધર્મ વ્યાપાર જ, તે વળી इह-અહીં, યોગતંત્રમાં, ज्ञेयः—જાણવો, કોનો ? કેવો ? તે માટે કહ્યું-यथाशक्ति યથાશકિત, શક્તિને અનુરૂપ, શક્તિ પ્રમાણે, अप्रमादिनः-અપ્રમાદીનો, વિકથા વગેરે પ્રમાદથી રહિતનો, આનું જ વિશેષણ આપે છે.

श्राद्धस्य—શ્રદ્ધાનો, શ્રદ્ધાળુનો. તેવા પ્રકારનો મોહ દૂર થયો હોવાથી સંપ્રત્યયાત્મિક-સમ્યક્ પ્રતીતિવાળી આદિ શ્રદ્ધા ધરાવનારનો-શ્રદ્ધાવંતનો.

तीव्रबोधेन-તીવ્ર બોધવાળા હેતુભૂત એવા પટુ-નિપુણ બોધવાળા, वचसा-વચનથી, આગમથી अविकलः-—અવિકલ, અખંડ, तथा-તેમજ કાલ આદિની વિકલતાની અબાધાએ કરીને પણ અવિકલ-અખંડ કારણ કે અપટુ ( અકુશળ ) હોય તે અતિચાર દોષના જ્ઞાતા-જાણનાર હોય નહિ, અતિચાર દોષ જાણે નહિં.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પરમાત્મા આપણા હૃદયમાં

( અનુવાદક: **શ્રીમતી કમળાબ્હેન સુતરીયા.** M. A. )

નીલગિરિ, તા. ૨-૫-૪૯

**પ્રિય ભાઇ,**

આજકાલનો વિપરીત સમય ભગવદ્-પ્રેમીઓ માટે પરીક્ષાનો સમય છે. આવા વિપરીત સમયમાં પણ જે મનુષ્યો ભગવાન પર પૂર્ણ વિશ્વાસ રાખશે, તથા પોતાના વ્યવહારમાં તથા વ્યવસાયમાં નીતિપૂર્વક વર્તશે, તેઓ જ આવતા દિવ્ય યુગના અધિકારી બનશે. વળી પરીક્ષા સિવાય આપણી સચ્ચાઇનો, સત્ય નિષ્ઠાનો ખ્યાલ પણ આપણને આવી શકે નહી. આપણા હૃદયમાં ભગવાન પ્રતિ જો થોડીઘણી પણ સાચી આસ્થા હશે, તો આપણને આ યુગમાં પણ કશું જ નુકસાન થવાનું નથી. બલ્કે પ્રભુની વિશેષ કૃપાના અધિકારી બનીશું, પરંતુ આપણા પ્રેમમાં કોઇપણ પ્રકારની સચ્ચાઈ નહીં હોય તથા કોઈપણ પ્રકારના આઘાત પ્રત્યાઘાતથી વિચલિત બનીશું. અથવા લોભ-તૃષ્ણાથી અંધ બનેલા સંસારની માફક આપણે પણ પ્રલોભનોથી મોહિત બનીને, કોઈપણ પ્રકારે ભોગસામગ્રી એકઠી કરવામાં પ્રભુથી વિમુખ બનીશું તો આપણે આપણું દેવત્વ ગુમાવી બેસીશું તથા આપણી સુખ-શાંતિનો આધાર પણ નાશ પામશે. આપણને પરમ પ્રિય એવા, ભગવાનને જ જો આપણે ગુમાવી બેસીશું તો પછી આપણી પાસે રહેશે શું? વળી આ ભોગવિલાસની સામગ્રી પણ આપણને કયાંસુધી સુખ આપી શકશે? જો વૃક્ષના મૂળને જ કાપી નાખવામાં આવે અને પાંદડાને પાણી પીવડાવવામાં આવે તો તે કયાંસુધી લીલું રહી શકશે?

આવા ઘોર સમયમાં પણ આપણા હૃદય સર્વસ્વ ભગવાન આપણાથી દૂર થોડા જ ગયા છે? ભગવાન તો આપણી નિકટ છે. આપણી જ અંદર છે. માત્ર આપણા હૃદયમાંથી નિકળનાર સાચા પુકારની પ્રતીક્ષા કરી રહ્યા છે, આવા ઘોર કાળમાં પણ જો આપણે વિશ્વાસપૂર્વક તેઓશ્રીના શ્રીચરણને જ પકડી રહીશું, તેને જ પુકારીશું તો તે કરુણાસાગર આપણને અપનાવ્યા સિવાય કદી રહી શકશે? સમયના ઘોર અંધકારમાં તો તે આપણી વધુ નિકટ છે, પરંતુ આપણે તેને જાણી શકતા નથી, ઓળખતા નથી. આથી જ સદ્વ્યવહારદ્વારા ભગવાનના શ્રીચરણોને પકડી રાખીએ, એમાં જ આપણું કલ્યાણ છે. ( હિન્દી પરથી )

લી० **બ્રહ્માનંદ**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આવકારદાયક ઇનામી નિબંધની યોજના તેને અંગે વધુ નિવેદન.

જૈનધર્મની પીછાન સ્હેલાઇથી સામાન્ય જ્ઞાનવાળા આત્માઓ પણ મેળવી શકે તેવી સરળ અને સાદી ભાષા અને શૈલીથી આપણાં તત્ત્વજ્ઞાનનાં પુસ્તકો યા પુસ્તિકાઓ પ્રસિદ્ધ થાય એમ સૌ કોઇ ઇચ્છી રહ્યાં હતાં. આ દિશામાં કેટલોક પ્રયાસ થયો પણ છે, પરંતુ વ્યવસ્થિત અને ઠીક ઠીક ગણી શકાય એવી યોજના અને બંધારણપૂર્વકનો પ્રયત્ન થયો જોવાયો નથી. રાવબહાદુર શેઠશ્રી જીવતલાલ પ્રતાપશી અને સ્વ. શેઠશ્રી શાંતિલાલ ખેતશીભાઇ ચેરીટી ટ્રસ્ટનાં ટ્રસ્ટી સાહેબોને આવી સદ્ધર યોજના કરવાની વિચારણા થતાં તેઓશ્રીએ શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગરના કાર્યવાહકો સાથે આ બાબતમાં વિચાર–વિનિમય કર્યો અને સર્વે એકમત થતાં શ્રી જૈન સિદ્ધાંત અને સંસ્કૃતિના વિવિધ અંગોને સ્પર્શતું સાહિત્ય સરળ અને સાદી ભાષામાં સર્વ લોકભોગ્ય બને તેવી રીતિયે તૈયાર કરી ગુજરાતી, હિન્દી, મરાઠી, અંગ્રેજી વિ. ભાષાઓમાં પ્રચાર કરવાનું નક્કી કરવામાં આવ્યું છે.

આ કાર્ય કરવા માટે કમિટિઓ નિયુક્ત કરવામાં આવી છે, જે તૈયાર કરવામાં આવેલું સાહિત્ય, નિબંધો વગેરે તપાસશે યા તપાસરાવશે અને યોગ્ય જણાશે તે ઉપર પ્રમાણે જુદી જુદી ભાષાઓમાં છપાવીને યા બીજી રીતિયે પણ પ્રચાર કરશે.

આ યોજનાના પ્રારંભમાં અમોએ "**જૈન ધર્મનો અનેકાન્તવાદ**" એ વિષય પરત્વેનો અર્ધા ફુલેસકેપના માપના એકસો પાનાનો ગુજરાતી, હિન્દી, મરાઠી કે ઇંગ્લીશ કોઈ પણ ભાષામાં નિબંધ સં. ૨૦૦૬ ના કા શુ. ૧૫ સુધીમાં જૈન કે જૈનેતર વિદ્વાનો પાસેથી માગ્યો છે અને તેમાંથી સર્વશ્રેષ્ઠ કૃતિના લેખકને રૂા. ૪૦૦) નું ઇનામ આપવાનું ઠરાવવામાં આવેલ છે.

જૈન ધર્મની અનેક વિશિષ્ટતાઓ છે, પરંતુ એ બધામાં એની લોકોત્તરતાનો વર્તમાનના વિદ્વાનોને પણ પરિચય કરાવનાર એનો સ્યાદ્વાદનો–અનેકાન્તવાદનો સિદ્ધાંત છે. આ સિદ્ધાંતથી દુનિયા જેટલી સુપરિચિત બને અને એ માર્ગે આવે એટલી જ જગતમાં શાંતિ અને મૈત્રી થવાની છે. અજ્ઞાનતાના મ્હારા–ત્હારાના કજીઆ–કંકાસ,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લડાઇ–ટંટા દૂર થઇ ભ્રાતૃભાવ વધશે. જગતના જીવો અંધારામાંથી નીકળી પ્રકાશમાં આવશે. સ્યાદ્વાદનો સિદ્ધાંત સમજણમાં આવતાં જ્યાં જ્યાં સત્યનો અંશ પણ હશે ત્યાં ત્યાં પ્રેમ થશે, પ્રજામાં ગુણાનુરાગ પ્રગટશે.

"જૈનધર્મનો અનેકાન્તવાદ" એ નિબંધ લખનારે સર્વ ધર્મનો સમન્વય સાધી તુલનાત્મક દૃષ્ટિએ અને વિદ્વાન તથા સામાન્ય જનતાને પણ રુચિકર બને એ ખાસ લક્ષમાં રાખવા જેવું છે.

સૌથી પ્રથમ આ નિબંધ માંગવામાં આ વિચાર પ્રચારાય તો ખોટો પક્ષમોહ કંઇક દૂર થાય, વિચારવાને યોગ્ય ભૂમિકા થાય અને પછી બીજા તત્ત્વજ્ઞાનના વિષયોની વાનગીઓ પીરસાય તો ધાર્યું પરિણામ લાવી શકાય.

આ યોજના અમારા હસ્તક સોંપાઈ છે. દશ વર્ષ માટે નક્કી થયું છે, પરંતુ એ માટે બે વર્ષનો પ્રયોગ છે, એનું પરિણામ વિદ્વાનોના સહકાર ઉપર અવલંબે છે. આ યોજના દ્વારા લેખનશક્તિવાળા ભાઇઓને પ્રોત્સાહન મળે, તેઓ બહાર આવે, શક્તિનો વિકાસ સાધે અને જનતાને સાચા વિશ્વધર્મની પિછાન થાય આથી અમો શ્રદ્ધાળુ વિચારકો અને બુદ્ધિમાનોનો સહકાર મેળવવાની પૂરેપૂરી ભાવના રાખીએ છીએ, એથી જ આ નિબંધ જેમ જનતામાંથી માંગ્યો છે તેમઃ—

(૧) હવે પછી કયા વિષયમાં નિબંધ લખાવવો ?

(૨) કઇ કઈ બાબતોની પુસ્તિકાઓ તૈયાર કરાવવી ?

(૩) અથવા કોઈની પણ પાસે નિબંધ યા પુસ્તિકા, વાર્તા તૈયાર હોય તો અમોને મોકલી આપશે.

વગેરે બાબતોમાં અમોને જણાવવા વિનંતિ છે.

પ્રથમ આ યોજનાનો જે નિબંધ પાસ થશે તે જે જે ભાષાઓમાં પ્રગટ કરાશે તે તે સ્થાને નિબંધ લખનારનું નામ પ્રગટ કરવામાં આવશે. (જો લેખકને કોઇ વાંધો નહિં હોય તો)

અનેકવિધ વિચારધારાઓથી અને વાદોથી ઘેરાયેલા વિશાળ જગતને પહોંચવા માટે આ યોજના સાગરના એક બિન્દુ તુલ્ય પણ નથી, એનો અમોને ખ્યાલ છે. એથી જે ઉદાર અને શુભાકાંક્ષી ગૃહસ્થો આ પ્રકારની યોજનાથી આમાં જોડાવા માંગતા હોય તેઓને અમારું આમંત્રણ છે. તેઓની ઇચ્છા અમોને જણાવવાથી તે માટે વિશેષ પ્રયત્ન રૂબરૂ મળવા વગેરેનો અમો કરીશું. સર્વ કોઈને આ યોજના તેમની પોતાની ગણીને તેમાં શક્ય સહકાર આપવા અમારું આમંત્રણ છે.

ઠે. શ્રી જૈન આત્માનંદ ભુવન–ભાવનગર
સં. ૨૦૦૫ નાં શ્રાવણ વદી ૧૩
તા ૨૨–૮–૪૯

**જૈન સસ્તું સાહિત્ય પ્રકાશન કમિટિ**
**શ્રી જૈન આત્માનંદ સભા**
**ભાવનગર.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી પાર્શ્વનાથ પ્રભુ ચરિત્ર માટે અભિપ્રાય

"શ્રી જૈન આત્માનંદ સભા હમણાં હમણાં પુસ્તકોનું પ્રકાશન બહુ જ સુંદર રીતે કરે છે. શ્રી **વસુદેવ હિંડી** અને **બૃહત્કલ્પસૂત્ર** જેવા પ્રાચીન સાહિત્યને સુંદર રીતે સંશોધિત કરી પ્રકાશિત કરેલ છે. તેમજ વસુદેવ હિંડીનું સંશોધનાત્મક સુંદર ભાષાંતર બહાર પાડી બહુ જ સરસ સાહિત્યસેવા બજાવી છે. તેમજ હમણાં થોડા વર્ષોમાં બહાર પડેલાં શ્રી તીર્થંકર ભગવંતોનાં ચરિત્રોના ભાષાંતરો પણ સુંદર છે.

**શ્રી મહાવીર** ચરિત્ર, **શ્રી આદિનાથ** ચરિત્ર, **શાંતિનાથ** ચરિત્ર, **વાસુપૂજ્ય** ચરિત્ર **અને તાજું જ બહાર પડેલું શ્રી પાર્શ્વનાથ ચરિત્ર** બહુ જ સુંદર અને નવી ભાત પાડે તેવું છે. સુંદર રૂપેરી શોભતું કવર પૃષ્ઠ-જેકેટ ઉડીને આંખે વળગે તેવું આકર્ષક છે. સચિત્ર જેકેટ બહુ જ ભાવવાહી અને મનોહર છે. અંદર આપેલાં ચિત્રો પણ ઉઠાવદાર, રંગીન અને મનોહર છે. **સમ્મેત્તશિખર તીર્થનું ચિત્ર અને શ્રી પાર્શ્વનાથ ભગવંતનું** રંગીન ચિત્ર તો દરેક જૈને પ્રાતઃકાલમાં ઉઠીને દર્શન કરવા મઢાવીને ઘરમાં રાખવા જેવું છે.

**શ્રી પાર્શ્વનાથ ભગવંતનું આવું મોટું** સચિત્ર ચરિત્ર પ્રથમ જ સભાએ બહાર પાડયું છે. ભાષાંતરમાં મૂલના આશયને વળગી રહેવા સફલ પ્રયત્ન થયો છે, તે ખુશી થવા જેવું છે. વૃદ્ધાવસ્થામાં પણ આ સભાના આત્મા **શ્રી વલ્લભદાસભાઈ ગાંધી** ખૂબ જ પ્રયત્ન કરી આવા ગ્રંથો આ સભા માટે આવી સરસ રીતે બહાર પાડે છે તે ખૂબ જ પ્રશંસનીય છે. હજી સાહિત્ય પ્રચારની જીવંત યોજના ઘડાઇ રહી છે. એ યોજના દ્વારા સભા જૈન સાહિત્યનો ખૂબ જ પ્રચાર કરે અને જૈન સંઘને આત્માનંદનો સાચો અનુભવ કરાવી જ્ઞાનામૃતનું પાન કરાવે એ જ શુભેચ્છા. *આવું સાહિત્ય જેમ બને તેમ ઓછી કિમ્મતે વેચાય એ જરૂરી છે."

મુનિરાજ દર્શનવિજયજી મ.
મુનિરાજશ્રી જ્ઞાનવિજયજી મ.
મુનિશ્રી ન્યાયવિજયજી (ત્રિપુટી.)

## પં૦ મહારાજ કંચનવિજયના ધર્મલાભ સાથે.

આત્માનંદ સભાના પ્રમુખ ભાઇ ગુલાબચંદ આણંદજીભાઇ. તથા વલ્લભદાસભાઇ ત્રિભુવનદાસ. અમોને શાન્તિનાથ ચરિત્ર ભાષાંતર તથા પાર્શ્વનાથ ચરિત્ર ભાષાંતર ભેટ તરીકે આપ્યા. તેની પ્રસ્તાવના તથા ચરિત્ર વાંચીને અમોને આહ્લાદ ઘણો થયો છે. વળી આ પુસ્તકમાં સેક્રેટરી ગાંધી વલ્લભદાસ ત્રિભુવનદાસે સારો પ્રયાસ કર્યો છે. આવા પુસ્તકો હાલના જમાનામાં બાળજીવોને ઉપકારી છે. આવી જ રીતે સારા ગૃહસ્થોએ આવા પુસ્તકોની મદદ અવશ્ય કરવી જરૂરી છે. તેમજ મુનિ મહારાજાઓએ પણ ઉપદેશ. દ્વારા સહાય કરવી જોઇએ તથા આ બન્ને પુસ્તકમાં જે જે ભવ થયા છે તેના ચિત્રો ઘણાં સુંદર આપેલા છે. શ્રી જૈન આત્માનંદ સભાના કાર્યવાહકોને ધન્યવાદ છે.

**દ. પં. કંચનવિજેના ધર્મલાભ.**

---

*ઉપરોક્ત ગ્રંથ જૈન બંધુના સિરિઝનો ગ્રંથ છે. ધારા પ્રમાણે તેમનીવતી બીજા ગ્રંથો પ્રકાશનમાં ઉત્તરોત્તર છપાવવાના હોવાથી તેની મૂળ રકમ ઓછી કરી શકાતી નથી, પરંતુ આવા ચરિત્રો માટે આપણા સ્થિતિસંપન્ન કોઇ બંધુ સરતું સાહિત્ય ભેટ કે ઓછી કિંમતે આપવા માટે કુલ ખર્ચ આપે તો તેમ પણ સભા કરી શકશે. હાલ છાપકામની અસહ્ય મોંઘવારીને લઇને ઓછી કિંમતે સચિત્ર પ્રગટ થઇ શકતું નથી. સેક્રેટરીઓ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વર્તમાન સમાચાર.

## એક આનંદજનક સમાચાર.

## જૈન સસ્તું સાહિત્ય પ્રકાશન માટે થયેલી યોજના.

શ્રી પરમાત્મા અને ગુરુદેવની કૃપાવડે આ સભાના એક પછી એક ઉદ્દેશ અને મનોરથો સફલ થયા કરે છે. તે માટે આ સભાની છેલ્લી જનરલ વાર્ષિક મીટીંગમાં અને છેલ્લા પ્રગટ થયેલ રિપોર્ટમાં આ સભાના મુખ્ય ઓનરરી સેક્રેટરી ભાઇશ્રી વલ્લભદાસ ત્રિભુવનદાસ ગાંધીએ આ સભાની પ્રગતિ, પ્રતિષ્ઠા અને ગૌરવમાં દિવસાનુ-દિવસ વૃદ્ધિ કેમ થતી જાય છે તે માટે પોતાના અનુભવસિદ્ધ, મુદ્દાઓ જણાવતાં કહ્યું હતું કે-દેવ, ગુરુકૃપાવડે કાર્યવાહકોનું કાર્યનિષ્ઠ અને પ્રમાણિકપણું, સંગઠ્ઠન અને દર વર્ષની કાર્યવાહીનો સંપૂર્ણ પ્રમાણિક રિપોર્ટનું દર વર્ષે પ્રકાશન, સદ્ધર જામીનગીરીમાં નાણાનું રોકાણ, પુણ્યવંત શ્રીમંત ઉદાર જૈન બંધુઓનું પેટ્રન અને લાઇફ મેમ્બર વગેરેનું નિરંતર વૃદ્ધિપણું, પ્રાચીન પૂજ્ય પૂર્વાચાર્ય મહારાજકૃત મૂલ અનુવાદ, ભાષાંતરના ઉચ્ચ કોટીનું તત્ત્વજ્ઞાન, કથા સાહિત્ય વગેરેનું પ્રકાશન, બ્હોળો પ્રચાર, ભેટ તેમજ જૈન બંધુઓ તરફથી મળતી આર્થિક સહાય વડે તમામ સભ્યોને ઉચ્ચ કોટીના ગ્રંથોના ભેટનો અપૂર્વ લાભ અને મનનપૂર્વક વાંચતાં થતું આત્મકલ્યાણ-આત્મિક આનંદ અને વ્યાપારી દષ્ટિએ મ્હોટો લાભ, દર વર્ષે જ્ઞાનપૂજન, તીર્થોની યાત્રાનો લાભ, જનસમૂહને લાઇબ્રેરીમાં કાયમ મળતો વાંચનનો લાભ, વગેરે કાર્યવાહી વડે છે.

સભાના મૂળ ઉદ્દેશ પ્રમાણે ઘણા વખતથી સસ્તું સાહિત્ય પ્રકટ કરવાની અમારી અભિલાષા, અનેક સભાહિતેચ્છુઓ તરફથી તે માટે સૂચના અને અમારી હાર્દિક ઇચ્છા પણ હતી. દરેક કાર્યોને કાળની પરિપક્વતાની જેમ જરૂર હોય છે તેમજ આર્થિક સહાયની તે ખાતે જરૂર હતી કારણ કે અત્યાર સુધીમાં તો પ્રથમ મૂળ ગ્રંથો તેમજ અમુક ગુજરાતી ફ્રી ભેટ અને કથા, ઇતિહાસ, અને જીવનચરિત્રના ગ્રંથોનું ઉત્તરોત્તર જે પ્રકાશન થાય છે, તે સીરીઝના હોવાથી આર્થિક સહાય આપનારની તે રકમ ઉત્તરોત્તર તેમનાં નામની સીરીઝ તરીકે બીજા ગ્રંથો પ્રકટ કરવાના ઉદ્દેશથી તે સહાય મળેલી હોવાથી તેની મૂળ રકમ સાચવવી પડે છે જેથી તેમાંથી બીજી રીતે વ્યય થઇ શકે નહિં.

દેવ, ગુરુકૃપાથી અત્યાર સુધીના કાર્યવાહકોની ઉત્તમ પ્રકારની સભાની સેવા હોવાથી અને સુંદર કાર્યવાહીથી આ સભાએ જૈન સમાજનો જે વિશ્વાસ સંપાદન કર્યો છે, તે સેવાના કિંચિત્ ફળરૂપે હાલ આ માસમાં રાવબહાદુર શેઠ **જીવતલાલભાઇ પ્રતાપશી** અને સદ્ગત શેઠ **શાંતિદાસ ખેતશીભાઈ**ના માનનીય ટ્રસ્ટીઓ તરફથી દશ વર્ષીય યોજના માટે એક લાખ રૂપીયા ( દર વર્ષે દશ દશ હજાર આપવાની શરતે ) જૈન સસ્તું સાહિત્યના પ્રકાશન કરવા માટે (જો કે પ્રથમ વર્ષ માટેની) દશ હજારની રકમ સભાને આ વર્ષમાં મળી ગઇ છે અને તે માટે પ્રમાણિક શરતો પ્રમાણે દશ વર્ષની યોજના થઇ ગઇ છે. તેથી જૈનોનો **સ્યાદ્વાદ ધર્મ** એ વિષય ઉપર ઇનામી નિબંધ તેને માટે નીમાયેલ કમીટી જેમનો એ પસંદ કરે તે ગુજરાતી, ઇંગ્રેજી, મરાઠી અને હિંદી ભાષામાં આઠ ફોર્મ પૂરતી પુસ્તિકારૂપે પ્રગટ કરવો અને તે સસ્તી કિંમતે અને ભેટ તરીકે આપવામાં આવશે. દર વર્ષે આ પ્રમાણે દશ વર્ષ સુધી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જુદા જુદા તત્ત્વજ્ઞાનના વિષય ઉપર આ રીતે નિબંધ પ્રગટ થશે વગેરે આનંદજનક આવકારદાયક સમાચાર જૈન સમાજ પાસે અમે આજે હર્ષપૂર્વક રજૂ કરીયે છીયે; જેથી જૈન સમાજ અમારા માનવંતા સભાસદો, સભાના હિતેચ્છુઓ અને ભૂતકાળમાં સૂચના કરનાર બંધુઓ જાણીને ખુશી થશે. આ માટે નીચે પ્રમાણે એક સબ કમીટી સભાએ નીમી છે જેની કાર્યવાહી તે કમીટી કરશે.

## કમીટીના સભ્યોના નામો.

૧ **શેઠ સાહેબ રમણિકલાલ ભોગીલાલભાઇ** મીલવાળા પ્રમુખ.
૨ વોરા ખાન્તિલાલ અમરચંદભાઇ ઉપપ્રમુખ
૩ ગાંધી વલ્લભદાસ ત્રિભુવનદાસ એડવાઇઝર (સલાહકાર)
૪ પ્રોફેસર શ્રી ખીમચંદભાઇ ચાંપશીભાઈ શાહ M. A. સેક્રેટરી
૫ શ્રી વિઠ્ઠલદાસ મૂળચંદ શાહ B. A. સેક્રેટરી
૬ શેઠ હરિલાલ દેવચંદ સેક્રેટરી
૭ શાહ ફત્તેહચંદ ઝવેરભાઇ
૮ શાહ ગુલાબચંદ લલ્લુભાઈ

(જરૂર પડે બીજા સભ્યો વધારવાની સત્તા સાથે)

## સાક્ષરોત્તમ આચાર્ય જિનવિજયજી સાહેબ શ્રી પાર્શ્વનાથ પ્રભુ ચરિત્ર માટે શું કહે છે?

સુજ્ઞ ભાઈશ્રી વલ્લભદાસ ગાંધી સાહિત્યભૂષણ યોગ્ય ભાવનગર.

સસ્નેહ કુશળ પ્રશ્ન સાથે જણાવવાનું કે, તમારો તા. ૨૦-૮-૪૯નો પત્ર મળ્યો છે, તે સાથે તમે મોકલેલું શ્રીપાર્શ્વનાથ ચરિત્રનું પુસ્તક મને મળ્યું છે, પુસ્તક જોઇને મન પ્રસન્ન થયું સુન્દર રીતે પ્રકાશન કરવામાં આવ્યું છે. સભાની આવી પ્રવૃત્તિ તમારી સેવા અને ધગશને આભારી છે અને તે માટે તમને મારા હાર્દિક અભિનંદન પાઠવું છું. તા. ૨૫-૮-૪૯

આચાર્ય જિનવિજય મુનિ સન્માન્ય નિયામક (ઓનરરી ડાઈરેકટર) ભારતીય-વિદ્યાભવન. મુંબઈ
**અધ્યક્ષ**
સિંઘિ જૈન શાસ્ત્ર "શિક્ષાપીઠ"
**તથા**
પ્રાકૃતિક ભાષા શિક્ષાપીઠ સંયોજક, સંચાલક એવં
**પ્રધાન સંપાદક**
સિંઘિ ગ્રંથમાળા તથા ભારતીય વિદ્યા ગ્રંથાવલી.

જિનવિજયના
ધર્મસ્નેહ સ્મરણ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## આ માસમાં થયેલા માનવંતા પેટ્રન સાહેબ તથા લાઇફ મેમ્બરો.

૧ શેઠ પરશોતમદાસ મનસુખલાલ ગાંધી પેટ્રન
૨ શેઠ શ્રી છોટાલાલ મગનલાલ પેટ્રન
૩ શ્રી વૃદ્ધિ ધર્મ જૈન જ્ઞાન મંદિર લાઇફ મેમ્બર
૪ શેઠ ચીનુભાઇ ત્રીકમલાલ શરાફ ,,
૫ શાહ મનસુખલાલ મોતીલાલ ,,
૬ ઝવેરી ભુરરભાઇ ત્રિભુવનદાસ ,,
૭ શાહ અમૃતલાલ જેઠાલાલ ,,
૮ પરી પાનાચંદ વૃજલાલ ,,
૯ શેઠ ચીમનલાલ કેશવલાલ કડીયા ,,
૧૦ શ્રી જૈન આનંદ પુસ્તકાલય ,,
૧૧ શ્રીમતી લીલાવતીબ્હેન ફીકાભાઇ દલાલ ,,
૧૨ શાહ છગનલાલ લલ્લુભાઇ ,,
૧૩ શાહ પ્રભુદાસ ગિરધરલાલ બીજા વર્ગમાંથી

---

## આ સભામાં નવા સભાસદોની વૃદ્ધિ નિરંતર કેમ થતી જાય છે?

આ સભા તરફથી દર વર્ષે સંપૂર્ણ કાર્યવાહી, સરવૈયું વગેરે સંપૂર્ણ પ્રમાણિકપણે રિપોર્ટ દ્વારા પ્રકટ થાય છે, તેમજ પેટ્રન સાહેબ અને લાઇફ મેમ્બરોને આત્મકલ્યાણના સાધન ( અને આર્થિક દષ્ટિએ પણ લાભ ) માટે કથા સાહિત્યના તીર્થંકર ભગવંતો, સતી માતાઓ અને સત્ત્વશાળી પુરૂષોના સુંદર સચિત્ર મ્હોટા ગ્રંથો છપાતાં દર વર્ષે માત્ર આ સભા જ ભેટ આપતી હોવાથી, નવા પેટ્રન સાહેબો તથા લાઇફ મેમ્બરોની ક્રમે ક્રમે અને દર માસે વૃદ્ધિ થતી જાય છે.

નવા થયેલા અને હવે પછી નવા થનારા પેટ્રન સાહેબો અને પ્રથમ વર્ગના સભાસદોને નીચે મુજબ છપાતાં ગ્રંથો જે કે આસો માસ સુધી સંપૂર્ણ છપાઇ જવા સંભવ છે તે ત્રણ ગ્રંથો **૧ શ્રી દમયંતી ચરિત્ર** સચિત્ર ૩૫૦ પાનાનો પૂર્વાચાર્ય શ્રી માણિકયદેવસૂરિ કૃત, **૨ શ્રી જ્ઞાનપ્રદીપ** ભાગ ૨જો, શુમારે ૩૬૫ પાનાનો, **૩ આદર્શ જૈન સ્ત્રી રત્નો** બીજો ભાગ શુમારે ૧૬૫ પાનાનો એ ત્રણે ગ્રંથો સં. ૨૦૦૬માં સભા તરફથી ધારા પ્રમાણે ભેટ આપવાના છે. આ ત્રણે ગ્રંથો મનનપૂર્વક વાંચવા જેવા અને સુંદર છે. તેની વિશેષ હકીકત હવે પછી આપવામાં આવશે.

---

## જૈન બંધુઓ, બ્હેનો અને વાચકોએ જાણવા જેવું.

નીચે લખેલા ત્રણ વર્ષોમાં અમારા માનવંતા સભ્યોને મળેલા અનુપમ ગ્રંથોની ભેટનો લાભ.

| | | |
|---|---|---|
| **સંવત ૨૦૦૩ના વર્ષમાં**.............. | **૧ શ્રી સંઘપતિ ચરિત્ર** | કિં. રૂા. ૬–૮–૦ |
| | **૨ શ્રી મહાવીર ભગવાનના યુગની મહાદેવીઓ** | ,, ,, ૩–૮–૦ |
| **સંવત ૨૦૦૪ના વર્ષમાં**.............. | **૧ શ્રી વસુદેવ હિંડી ભાષાંતર** | ,, ,, ૧૫–૦–૦ |
| | **૨ શ્રી શાંતિનાથ ચરિત્ર** | ,, ,, ૭–૮–૦ |
| **સંવત ૨૦૦૫ના વર્ષમાં**.............. | **૧ શ્રી પાર્શ્વનાથ પ્રભુ ચરિત્ર** | ,, ,, ૧૩–૦–૦ |
| | | કુલ રૂા. ૪૫–૦–૦ |

એ મુજબ ત્રણ વર્ષમાં રૂા. ૪૫)નાં પુસ્તકો પેટ્રન સાહેબો અને પહેલા વર્ગનાં લાઇફ મેમ્બરોને ભેટ મળી ચુકયા છે. હજુ પણ રૂા. ૫૦) વધુ ભરી બીજા વર્ગમાંથી પહેલા વર્ગમાં આવનાર સભાસદને સં. ૨૦૦૫ની સાલની ભેટની બુક મળી શકશે. અને તે પછીના વરસોમાં જે જે ગુજરાતી પુસ્તકો છપાશે તે પણ ભેટ મળશે. માટે જેટલો વિલંબ કરવામાં આવે છે તે તે વરસોની ભેટનો અપૂર્વ લાભ ગુમાવે છે. સ્થિતિસંપન્ન બ્હેનો અને બંધુઓએ પણ વેળાસર લાઇફમેમ્બર થઇ બંને પ્રકારનો લાભ લેવા જેવું છે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 314

## મહાસતી શ્રી દમયંતી ચરિત્ર. ( બાઇન્ડીંગ થાય છે. )

### શ્રી માણિકચદેવસૂરિ વિરચિત મૂળ ઉપરથી અનુવાદ.

પૂર્વના પૂણ્યયોગ અને શીલનું માહત્મ્ય સતી શ્રીદમયંતીમાં અસાધારણ હતું, તેનો શુદ્ધ અને સરળ ભાષામાં અનુવાદ કરાવી અમારા તરફથી પ્રકાશનનું કાર્ય શરૂ કરેલ છે. આ અનુપમ રચનામાં મહાસતી દમયંતીના અસાધારણ શીલ મહાત્મ્યના પ્રભાવવડેના ચમત્કારિક અનેક પ્રસંગો, વર્ણનો આવેલ છે, સાથે નળરાજા પ્રત્યે અપૂર્વ પતિભક્તિ, સતી દમયંતી સાસરે સીધાવતાં માબાપે આપેલી સોનેરી શિખામણો, જુગારથી થતી ખાનાખરાબી, ધૂર્ત જનની ધૂર્તતા, પ્રતિજ્ઞાપાલન, તે વખતની રાજ્યનીતિ, સતી દમયંતીએ વન નિવાસના વખતે, આવતા સુખ દુઃખો વખતે ધીરજ, શાંતિ અને તે વખતે કેટલાયે મનુષ્યોને ધર્મ પમાડેલ છે તેની ભાવભરીત નોંધ, તેમજ પુણ્યશ્લોક નળરાજાના પૂર્વના અસાધારણ મ્હોટા પુણ્યબંધના યોગે તેજ ભવમાં તેમના માહાત્મ્ય, મહિમા, તેમના નામ સ્મરણથી મનુષ્યોને થતા લાભો વગેરેનું અદ્દભુત પઠન પાઠન કરવા જેવું વર્ણન આચાર્ય મહારાજે આ ગ્રંથમાં આપ્યું છે. બીજી અંતર્ગત સુબોધક કથાઓ પણ આપવામાં આવેલી છે.

---

## શ્રીમાન્ હરિભદ્રસૂરિવિરચિત શ્રી ધર્મબિંદુ ગ્રંથ.

### ( મૂળ અને મૂળ ટીકાનાં શુદ્ધ સરલ ગુજરાતી ભાષાંતર સહિત )

આ ગ્રંથના મૂળ કર્ત્તા મહાનુભાવ શ્રી હરિભદ્રસૂરિ કે જેઓ જૈન ઇતિહાસમાં સુપ્રસિદ્ધ છે. શ્રી મહાનુભાવ ગ્રંથકારે મુનિઓ અને ગૃહસ્થોના સાધારણ અને વિશેષ ધર્મો, મોક્ષનું સ્વરૂપ અને તેના અધિકારી વગેરે વિષયો બતાવવાને માટે આ ઉપયોગી ગ્રંથની યોજના કરી છે, અને તેની અંદર તેનું વિવેચન કરી સારી રીતે સમજાવ્યું છે.

આ પ્રમાણે ગૃહસ્થ અને યતિ ધર્મને વિસ્તારપૂર્વક પ્રતિપાદન કરનાર આ ગ્રંથ છે. જે વાંચક જૈન ધર્મના આચાર, વર્તન, નીતિ, વિવેક અનેક વિષયના શુદ્ધ સ્વરૂપ સાથે તત્ત્વોના રહસ્યોને સારી રીતે સમજી શકે છે. મુનિ અને ગૃહસ્થ આ ગ્રંથને આદ્યંત વાંચે તો સ્વધર્મ સ્વકર્તવ્યના યથાર્થ-સ્વરૂપને જાણી પોતાની મનોવૃત્તિને ધર્મરૂપ કલ્પવૃક્ષની શીતળ છાયાની આશ્રિત કરી અનુપમ આનંદના સંપાદક બને છે.

આ ગ્રંથની આ બીજી આવૃત્તિ છે. સુમારે ૩૫૦ પાનાના આ ગ્રંથની કીંમત માત્ર રૂા. ૩-૦-૦ પોસ્ટેજ જુદું.

---

### અમારૂં સાહિત્ય પ્રકાશન ખાતું અને છપાતાં ગ્રંથો.

૧. શ્રી દમયંતી ચરિત્ર ( સચિત્ર ), ૨. શ્રી જ્ઞાનપ્રદીપ ભાગ બીજો, ૩. આદર્શ જૈન સ્ત્રી રત્નો ભાગ બીજો, ૪. કથા રત્નકોષ, ૫. શ્રી શ્રેયાંસનાથ ચરિત્ર ( સચિત્ર ).

ગ્રંથ ૪ અને ૫માં આર્થિક મદદની જરૂર છે.

---

યોજનામાંઃ—૧ શ્રી સોમપ્રભાચાર્ય કૃત શ્રી સુમતિનાથ પ્રભુ ચરિત્ર ( સચિત્ર )

મુદ્રક : શાહ ગુલાબચંદ લલ્લુભાઇ : શ્રી મહોદય પ્રિન્ટિંગ પ્રેસ : દાણાપીઠ-ભાવનગર.

For Private And Personal Use Only